પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ વર્ષ : ૩૦ અંક : ૧૦ કુલ પાના : ૪ તારીખ : ૦૧-૦૯-૨૦૨૬ મંગળવાર કિંમત રૂા.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER: KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar w w w.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે HI લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# અમેરિકાથી ડરશો નહીં,ઈરાનના રાષ્ટ્રપતિ સાથે મુલાકાત બાદ પીએમ મોદીએ મોટી જાહેરાત કરી

## એસસીઓ પછી થોડા દિવસો પછી બ્રિક્સ; ભારત, રશિયા અને ચીનની રાજદ્વારી તપાસ હેઠળ

બિશ્કેક

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન સાથે મુલાકાત કરી. આ મુલાકાત કિર્ગિસ્તાનની રાજધાની બિશ્કેકમાં શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન સમિટની બાજુમાં થઈ હતી. આ મુલાકાત દરમિયાન, પીએમ મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાનને કહ્યું કે ભારત ભવિષ્યમાં ઈરાન સાથે વેપાર વધારવા અને વૈવિધ્યસભર બનાવવા માંગે છે. તેમણે એમ પણ કહ્યું કે ભારત પશ્ચિમ એશિયામાં કાયમી શાંતિ સુનિશ્ચિત કરવાના તમામ પ્રયાસોને સમર્થન આપવાનું ચાલુ રાખશે. અમેરિકાએ ઈરાન સાથે વેપાર કરતા દેશો પર પ્રતિબંધોની ધમકી આપ્યા બાદ પીએમ મોદીએ આ નિવેદન આપ્યું હતું.

પીએમ મોદીએ ટ્વિટર પર લખ્યું, "બિશ્કેકમાં રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન સાથે મુલાકાત કરી. અમે વિવિધ ક્ષેત્રોમાં ઈરાન સાથે ભારતની લાંબા સમયથી ચાલતી મિત્રતાને વધુ મજબૂત બનાવવાના અમારા સંકલ્પને પુનરાવર્તિત કર્યો. અમે ભવિષ્યમાં અમારા વેપારને વિસ્તૃત અને વૈવિધ્યસભર બનાવવા માંગીએ છીએ. અમે પ્રદેશની વર્તમાન પરિસ્થિતિ પર ચર્ચા કરી. ભારત કાયમી શાંતિ સુનિશ્ચિત કરવા માટેના તમામ પ્રયાસોને સમર્થન આપવાનું ચાલુ રાખશે."



ઈરાન ભારતની વિદેશ નીતિમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. વર્તમાન હોર્મુઝ કટોકટી દરમિયાન ઈરાનનું મહત્વ વધ્યું છે. ઈરાન સાથે ભારતના સંબંધો ઐતિહાસિક છે, પરંતુ યુએસ પ્રતિબંધોને કારણે તેમાં ઘટાડો થયો છે. જોકે, આ મુલાકાતને ભારત-ઈરાન સંબંધોમાં એક સીમાચિહ્નરૂપ માનવામાં આવી રહી છે. કારણ કે અમેરિકા ઈરાન સાથે સંબંધો ધરાવતા દેશો પર પ્રતિબંધોની ધમકી આપી રહ્યું છે. તેમ છતાં, વડાપ્રધાન મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન સાથે મુલાકાત કરી.

પ્રધાનમંત્રી મોદીએ ખુદ રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન સાથેની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે ભારત અને ઈરાન ભવિષ્યમાં વેપારને વિસ્તૃત કરવા અને વૈવિધ્યીકરણ કરવા માટે તૈયાર છે. આને ભારતની સ્વતંત્ર વિદેશ નીતિના પ્રતિબિંબ તરીકે જોવામાં આવી રહ્યું છે, જે યુએસ ધમકીઓથી ડરતી નથી. પરિણામે, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ભારત આગામી દિવસોમાં ઈરાન સાથે વેપાર વધારી શકે છે, જેનાથી બંને દેશો વચ્ચેના સંબંધો મજબૂત થઈ શકે છે. પીએમ મોદીને મળ્યા પહેલા, ઈરાની રાષ્ટ્રપતિએ અમેરિકાને શાંતિનો સંદેશ આપ્યો. અમેરિકાના હુમલા બાદ, તેમણે કહ્યું કે ઈરાન યુદ્ધ ઈચ્છતું નથી. રવિવારે નિષ્ણાતોએ આ આશા વ્યક્ત કરી કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કિર્ગિસ્તાનની મુલાકાત ભારતને મધ્ય એશિયા સાથેના સંબંધોને વધુ ગાઢ બનાવવાની તક આપશે. તેમણે આ ક્ષેત્ર સાથે જોડાણ સુધારવા અને આરોગ્યસંભાળ અને પર્યટન જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવા હાકલ કરી.

મોદી સોમવાર અને મંગળવારે ૨૬મા શાંઘાઈ સહયોગ સંગઠન (જીર્ઝ) સમિટમાં ભાગ લેવા માટે બિશ્કેકમાં રહેશે. ચીન, રશિયા, કઝાકિસ્તાન, કિર્ગિસ્તાન, તાજિકિસ્તાન અને ઉઝબેકિસ્તાને ૨૦૦૧માં જીર્ઝની સ્થાપના કરી હતી. ભારત અને પાકિસ્તાન ૨૦૧૭માં પૂર્ણ સભ્ય બન્યા. ઈરાન ૨૦૨૩માં અને બેલારુસ ૨૦૨૪માં જોડાયા. બિશ્કેક સ્થિત સ્વતંત્ર સંશોધન સંસ્થા ક્રોસરોડ્સ સેન્ટ્રલ એશિયાના સહ-સ્થાપક અને એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, શિરબેક જુરૈવે જણાવ્યું હતું કે આ સમિટ એવા સમયે આવી રહી છે જ્યારે મધ્ય એશિયા તરફ લોકોનું ધ્યાન વધી રહ્યું છે; પ્રદેશના દેશો વચ્ચેના સંબંધો સુધરી રહ્યા છે, અને બાહ્ય ભાગીદારો પરિવહન લિંક્સ અને ખનિજ સંસાધનો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

ભારત, ચીન અને રશિયાના નેતાઓ એસસીઓ સમિટમાં ભાગ લઈ રહ્યા છે. આનો અર્થ એ છે કે ભારત, રશિયા અને ચીનના નેતાઓ બે અઠવાડિયામાં બે વાર મળશે. વ્યૂહાત્મક બાબતોના નિષ્ણાત અને ભૂરાજકીય નિષ્ણાત બ્રહ્મા ચેલ્લાની કહે છે કે બે મુખ્ય આંતરરાષ્ટ્રીય પરિષદો એક પછી એક થઈ રહી છે, જે એક દુર્લભ રાજદ્વારી સંયોગ બનાવે છે.

બ્રહ્મા ચેલ્લાની કહે છે કે બે મુખ્ય શિખર સંમેલનો યુરેશિયન રાજદ્વારી સ્તરે એક પછી એક ઉચ્ચ-સ્તરીય બેઠકોનો એક દુર્લભ ક્રમ બનાવી રહ્યા છે.એસસીઓ સમિટ આજે બિશ્કેકમાં શરૂ થાય છે, અને તેના થોડા સમય પછી ૧૨ સપ્ટેમ્બરના રોજ નવી દિલ્હીમાં બ્રિક્સ સમિટ થશે. આનો અર્થ એ છે કે ભારત, રશિયા અને ચીનના નેતાઓ બે અઠવાડિયામાં બે અલગ અલગ રાજધાનીઓમાં બે વાર મળશે. ભૂ-રાજકીય નિષ્ણાત બ્રહ્મા ચેલ્લાની પણ માને છે કે બંને ફરી મળશે, પરંતુ તેમની ચર્ચાનું કેન્દ્ર બદલાશે.એસસીઓ સમિટ યુરેશિયન સુરક્ષા અને વ્યૂહાત્મક મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે, જ્યારે બ્રિક્સ સમિટ વિકાસશીલ દેશો વચ્ચે વેપાર, અર્થશાસ્ત્ર અને સહયોગ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

# ગુજરાતમાં ગુટખા અને તમાકુ-નિકોટીનયુક્ત પાન મસાલા પર પ્રતિબંધ વધુ એક વર્ષ લંબાવાયો

અમદાવાદ

ગુજરાતમાં ગુટખા અને તમાકુ-નિકોટીનયુક્ત પાન મસાલાના વેચાણ તથા ઉત્પાદન સામે રાજ્ય સરકારે વધુ એક વર્ષ માટે પ્રતિબંધ લંબાવ્યો છે. ફૂડ સેફ્ટી કમિશનર દ્વારા જાહેર કરાયેલા આદેશ મુજબ ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬થી ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૭ સુધી આ પ્રતિબંધ અમલમાં રહેશે.

રાજ્યભરમાં તમાકુ અથવા નિકોટીન ધરાવતા ગુટખા અને પાન મસાલાના ઉત્પાદન, સંગ્રહ, વિતરણ અને વેચાણ પર પ્રતિબંધ યથાવત રાખવામાં આવ્યો છે. ગુજરાતમાં વર્ષ ૨૦૧૨થી આવા ઉત્પાદનો સામે પ્રતિબંધનો અમલ કરવામાં આવી રહ્યો છે અને હવે તેની મુદત વધુ એક વર્ષ માટે લંબાવવામાં આવી છે.



સરકારનો આ આદેશ માત્ર ચોક્કસ બ્રાન્ડ અથવા નામથી વેચાતા ગુટખા સુધી મર્યાદિત નથી. તમાકુ કે નિકોટીન ધરાવતા પાન મસાલા તેમજ અલગ-અલગ વેચાતા એવા ઘટકો, જેને ભેગા કરીને અંતિમ રીતે ગુટખા અથવા પાન મસાલા તૈયાર કરવામાં આવે છે, તેમના પર પણ પ્રતિબંધ લાગુ રહેશે.

સરકારે સ્પષ્ટ કર્યું છે કે પ્રતિબંધિત ઉત્પાદનોનું ઉત્પાદન, સંગ્રહ, વિતરણ કે વેચાણ કરતા લોકો સામે કાયદા મુજબ કાર્યવાહી કરવામાં આવશે. આથી વેપારીઓ અને ઉત્પાદકોને પ્રતિબંધિત વસ્તુઓના વ્યવહારમાંથી દૂર રહેવા માટે સૂચના આપવામાં આવી છે.

ફૂડ સેફ્ટી વિભાગની યાદીમાં તમાકુ અને નિકોટીનયુક્ત ઉત્પાદનોના સેવનથી સ્વાસ્થ્ય પર થતી ગંભીર અસરોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ખાસ કરીને મોઢાના કેન્સર સહિતની ગંભીર બીમારીઓના જોખમને ધ્યાનમાં રાખીને આવા ઉત્પાદનોના ઉપયોગને રોકવા માટે સરકાર દ્વારા પ્રતિબંધનો અમલ કરવામાં આવી રહ્યો છે.

ગુજરાતમાં ગુટખા અને પાન મસાલા પરનો પ્રતિબંધ વર્ષ ૨૦૧૨થી સતત અમલમાં છે. નાગરિકોના સ્વાસ્થ્યની સુરક્ષા તેમજ વિવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલી રજૂઆતોને ધ્યાનમાં રાખીને હવે પ્રતિબંધની મુદત ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૬થી ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૭ સુધી લંબાવવામાં આવી છે. આ નિર્ણય બાદ રાજ્યમાં ગુટખા અને તમાકુ-નિકોટીનયુક્ત પાન મસાલાના ગેરકાયદેસર ઉત્પાદન અને વેચાણ સામે તંત્રની કાર્યવાહી વધુ કડક બનવાની શક્યતા છે.

# ગુજરાતમાં ચોમાસું વિદાય તરફ છતાં વરસાદની ઘટ ચિંતાજનક, દેવભૂમિ દ્વારકામાં ૮૭% ઓછો વરસાદ

અમદાવાદ

ગુજરાતમાં ચોમાસાની શરૂઆત ભારે વરસાદ સાથે થઈ હતી, પરંતુ ત્યાર બાદ વરસાદે ખાસ્સો વિરામ લીધો છે. આજે ઓગસ્ટ મહિનો પૂરો થઈ રહ્યો છે અને ચોમાસું પણ હવે વિદાય તરફ આગળ વધી રહ્યું છે ત્યારે રાજ્યના વરસાદી આંકડા ચિંતાજનક સ્થિતિ દર્શાવી રહ્યા છે. રાજ્યના ૩૪માંથી ૧૧ જિલ્લામાં વાર્ષિક સરેરાશની સરખામણીએ ૫૦થી ૫૧ ટકા સુધી વરસાદની ઘટ નોંધાઈ છે.

દેવભૂમિ દ્વારકા સૌથી વધુ અસરગ્રસ્ત બન્યો છે. અહીં સરેરાશ કરતાં ૮૭ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. આ સાથે દેવભૂમિ દ્વારકા દેશમાં સૌથી વધુ વરસાદની ખાધ ધરાવતા જિલ્લાઓમાં બીજા ક્રમે છે. તેના કરતાં વધુ વરસાદની ઘટ માત્ર અરુણાચલ પ્રદેશના અંજાવ જિલ્લામાં ૮૯ ટકા નોંધાઈ છે. આ આંકડા ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)ની વેબસાઈટ પર ઉપલબ્ધ માહિતી મુજબ છે.

આંકડાઓનાં વિશ્લેષણ મુજબ, પાંચ વર્ષમાં આ પ્રથમ વખત અને છેલ્લા ૧૦ વર્ષમાં ત્રીજી વખત એવું બન્યું છે કે ગુજરાત ઓગસ્ટના અંત સુધીમાં તેના મોસમી વરસાદનો ૧૦૦ ટકા આંકડો હાંસલ કરી શક્યું નથી. ઓગસ્ટના અંત સુધીમાં રાજ્યમાં સરેરાશ વરસાદ સામાન્યના માત્ર ૭૫ ટકા જેટલો રહ્યો છે. જોકે આ આંકડો વાસ્તવિક સ્થિતિ કરતાં વધુ સારો દેખાય છે.

હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ, કચ્છ અને સૌરાષ્ટ્ર લાંબા સમય બાદ ફરી સૌથી વધુ વરસાદની ઘટ ધરાવતા વિસ્તારો બન્યા છે. પરંપરાગત રીતે પાણીની અછત અને ઓછા વરસાદ માટે જાણીતા આ બંને વિસ્તારોમાં છેલ્લા એક દાયકામાં પાણીની ઉપલબ્ધતામાં નોંધપાત્ર સુધારો થયો હતો. પરંતુ આ વર્ષે કચ્છમાં અત્યાર સુધીમાં તેની સરેરાશ વાર્ષિક વરસાદની માત્ર ૨૯ ટકા અને સૌરાષ્ટ્રમાં ૫૬ ટકા વરસાદ નોંધાયો છે. હવામાન નિષ્ણાતોના મતે હવે રાજ્યમાં નોંધપાત્ર વરસાદની શક્યતા ઓછી છે, જોકે સંપૂર્ણપણે નકારી શકાય નહીં. રાજ્યમાં અત્યાર સુધીમાં થયેલા વરસાદનું વિતરણ પણ અસમાન રહ્યું છે. દક્ષિણ ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં વાર્ષિક સરેરાશના ૧૦૦ ટકા કે તેથી વધુ વરસાદ નોંધાયો છે, જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છના અનેક વિસ્તારો વરસાદની ઘટનો સામનો કરી રહ્યા છે.

અગાઉના વિશ્લેષણ મુજબ, ગુજરાતમાં અત્યાર સુધી પડેલા કુલ વરસાદમાંથી લગભગ ૬૦ ટકા વરસાદ માત્ર ૧૫ દિવસમાં પડી ગયો છે. આ સ્થિતિ રાજ્યમાં સતત વરસાદને બદલે છૂટોછવાયો અને ભારે વરસાદ પડવાની વૃત્તિ તરફ ઈશારો કરે છે. હવામાન વિભાગના આંકડા મુજબ ૨૦૧૯, ૨૦૨૦ અને ૨૦૨૪માં ઓગસ્ટ ચોમાસાના ચાર મહિનામાં સૌથી વધુ વરસાદ ધરાવતો મહિનો રહ્યો હતો અને આ ત્રણેય વર્ષમાં ઓગસ્ટમાં ૪૦૦ મિમીથી વધુ વરસાદ નોંધાયો હતો. તેની સરખામણીએ આ વર્ષે ઓગસ્ટમાં માત્ર ૩.૮ ઈંચ (૯૬.૫ મિમી) વરસાદ નોંધાયો છે. વાસ્તવિક વરસાદના આંકડાની દૃષ્ટિએ આ છેલ્લાં કેટલાંક વર્ષોમાં ઓગસ્ટનો ત્રીજો સૌથી ઓછો વરસાદ છે. આ વર્ષે ઓગસ્ટમાં નોંધાયેલા ૩.૮ ઈંચ વરસાદ કરતાં ઓછો વરસાદ ૨૦૨૩માં એક ઈંચ (૨૫.૫ મિમી) અને ૨૦૨૧માં ૨.૫૭ ઈંચ (૬૫.૩ મિમી) નોંધાયો હતો. આ આંકડા રાજ્યના સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર ના છે.છેલ્લા એક સપ્તાહમાં પણ ગુજરાતમાં વરસાદનું પ્રમાણ ખૂબ જ ઓછું રહ્યું છે. રાજ્યમાં છેલ્લા સાત દિવસ દરમિયાન સરેરાશ માત્ર ૦.૦૯ ઈંચ એટલે કે ૨.૩ મિમી વરસાદ નોંધાયો છે. ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક જિલ્લાઓમાં વરસાદની ઘટ વધુ જોવા મળી રહી છે. દેવભૂમિ દ્વારકા અને પોરબંદરમાં વરસાદની સ્થિતિને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે સાઉની યોજનાનો સહારો લેવાનો નિર્ણય કર્યો છે. આ યોજના હેઠળ દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં પાણી પહોંચાડવાની તાજેતરમાં જાહેરાત કરવામાં આવી છે.

જિલ્લાવાર વાત કરીએ તો દેવભૂમિ દ્વારકામાં ૮૭ ટકા, પોરબંદરમાં ૮૨ ટકા, કચ્છમાં ૮૧ ટકા અને જામનગરમાં ૭૨ ટકા વરસાદની ઘટ નોંધાઈ છે. આ ઉપરાંત ગીર સોમનાથમાં ૫૪ ટકા, સાબરકાંઠામાં ૫૪ ટકા, અરવલ્લીમાં ૫૪ ટકા, રાજકોટમાં ૫૩ ટકા અને છોટા ઉદેપુરમાં ૫૦ ટકા વરસાદની ઘટ જોવા મળી છે. આ આંકડા મૂળ અહેવાલમાં આપવામાં આવેલી જિલ્લાવાર વરસાદની ખાધના આધારે છે. વરસાદની આવી સ્થિતિને કારણે ખાસ કરીને સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં પાણીની સ્થિતિને લઈને ચિંતા વધી રહી છે.

# શ્રાવણના ત્રીજા સોમવારે શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર, હર હર મહાદેવના નાદથી ગુંજ્યું મંદિર પરિસર

અમદાવાદ

પવિત્ર શ્રાવણ માસના ત્રીજા સોમવારે ગુજરાતભરના મહાદેવના મંદિરોમાં ભકતોની ભારે ભીડ જોવા મળી હતી.ભકતો મહાદેવનો દૂધ,પાણી અને બીલપત્રોનો અભિષેક કરતાં જોવા મળ્યા હતાં પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દરબારમાં શ્રદ્ધાળુઓનું અદ્ભુત ઘોડાપૂર ઉમટ્યું હતું સોમનાથ મંદિર પરિસર વહેલી સવારથી જ 'બમ બમ ભોલે' અને 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠ્યું . શ્રાવણના આ પાવન અવસરે સોમનાથ દાદાના દર્શન માટે રાજ્યભરમાંથી અને દેશ-વિદેશથી હજારોની સંખ્યામાં ભક્તો સોમનાથ પહોંચ્યા હતાં અને મહાદેવના ચરણે શીશ ઝૂકાવી ધન્યતા અનુભવી

ત્રીજા સોમવારની ભવ્ય ઉજવણીના ભાગરૂપે વહેલી સવારે ૩:૦૦ વાગ્યાથી જ મંદિર પરિસરમાં ભક્તોના પ્રવેશ માટેના દ્વાર ખુલ્લા મૂકી દેવામાં આવ્યા હતા. હજારોની સંખ્યામાં ઉમટેલી ભીડને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા ઉત્તમ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. સોમનાથ મહાદેવના દર્શનના પાટ ખુલે તે પૂર્વે જ મંદિર પરિસરમાં હજારો યાત્રીઓ એકત્રિત થઈને ભક્તિભાવ સાથે શિવધૂનમાં લીન બન્યા હતા, જેનાથી સમગ્ર વાતાવરણ શિવમય બની ગયું હતું. આજના દિવસે સોમનાથ મંદિરમાં વિશેષ ધાર્મિક અનુષ્ઠાનો અને પૂજા-અર્ચનાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. શ્રાવણના ત્રીજા સોમવારની પરંપરા મુજબ આજે સોમનાથ દાદા નગરચર્યાએ નીકળતા હોય તે પ્રકારે ભવ્ય પાલખીયાત્રા પણ યોજાઈ હતી આ ઉપરાંત અમદાવાદના ચકલેશ્વર મહાદેવ અને નિર્ણયનગર ખાતે આવેલા રામેશ્વર મહાદેવમાં ભકતોની વહેલી સવારથી ભીડ જોવા મળી હતી.અમદાવાદ ઉપરાંત ગુજરાતના દરેક જીલ્લામાં પણ મહાદેવના મંદિરોમાં ભકતો ઉમટી પડયા હતાં

**ગોધરા નગરપાલિકા**

**ઓનલાઈન ટેન્ડર નિવિદા-૮ સને-૨૦૨૬-૨૭**

આથી તમામ એજન્સી/ કોન્ટ્રાકટર વિ. ને ગોધરા શહેર માં વિવિધ વિકાસ ના કામો માટે સરકારશ્રીની વિવિધ ગ્રાંટો પૈકી વિકાસલક્ષી કામો માટે અંદાજીત રકમ રૂ. ૧૦૩.૫૬ લાખ ના કુલ ૦૧ પેકેજ માટે ના ઓનલાઈન ટેન્ડર tender.nprocure.com વેબસાઈટ ઉપર ઓનલાઈન પબ્લીશ કરવામાં આવેલ છે. પ્રસ્તુત કામોના ઓનલાઈન ટેન્ડરો તા.૧૯/૦૯/૨૦૨૬ સુધી ભાવો ભરી શકાશે. ભાવો ભરેલ એજન્સી / કોન્ટ્રાકટરે ટેકનીકલ બીડ તા.૨૩/૦૯/૨૦૨૬ સુધી મુખ્ય અધિકારીશ્રી, નગરપાલિકા ગોધરાના નામથી આર.પી.એડી/ સ્પીડ પોસ્ટ થી મોકલી આપવાના રહેશે. તા.૨૪/૦૯/૨૦૨૬ નાં રોજ ટેન્ડરો ઓપન કરવામાં આવશે. તમામ ટેન્ડરો રદ્દ બાતલ કરવાનો હકક નગરપાલિકાને અબાધિત રહેશે

તા.૨૫/૦૯/૨૦૨૬ (એસ.પી. પટેલ) (જશોદાબેન પ્રજાપતિ)
મુખ્ય અધિકારી પ્રમુખ નગરપાલિકા
નગરપાલિકા ગોધરા ગોધરા

(માહીતી/ગોધરા/૪૪૪/૨૬)

# નેપાળ પછી, કારગિલમાં વાદળ ફાટવાથી પૂર આવ્યું છે, જેમાં કાદવ અને પથ્થરોના ઝડપી પ્રવાહથી ભયનો માહોલ

કારગિલ

નેપાળમાં થયેલા વિનાશક વિનાશનું દ્રશ્ય હજુ મનમાંથી ભૂંસાઈ ગયું ન હતું કે લદાખના કારગિલમાં અચાનક વાદળ ફાટવાથી પૂર આવ્યું. ૩૦ અને ૩૧ ઓગસ્ટની રાત્રે કારગિલ જિલ્લાના સ્ટકપા-સાંકુ વિસ્તારમાં વાદળ ફાટવાથી અચાનક પૂર આવ્યું. વાદળ ફાટ્યા બાદ, એક સ્થાનિક પ્રવાહ વહેતો થયો. પાણીનો પ્રવાહ ખૂબ જ જોરદાર બન્યો, જે કાટમાળ, કાદવ, મોટા પથ્થરો અને અન્ય સામગ્રીને નીચે તરફ લઈ ગયો. જોકે, રાહતની વાત એ છે કે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે મોટું નુકસાન થયું નથી. તીવ્ર પ્રવાહને કારણે થોડા સમય માટે વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો. વહીવટીતંત્રે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવાનું શરૂ કર્યું છે અને સંવેદનશીલ વિસ્તારોનું નિરીક્ષણ કરી રહ્યું છે. સતત વરસાદને કારણે, હિમાલય ક્ષેત્રના ઘણા ભાગોમાં અચાનક પૂર અને અચાનક પૂરનું જોખમ છે.

વહીવટતંત્રના જણાવ્યા અનુસાર, સંભવિત જોખમની અપેક્ષાએ સ્ટકપા-સાંકુ વિસ્તારમાં પહેલાથી જ સાવચેતીના પગલાં લેવામાં આવ્યા હતા. એસડીએમ સાંકુ અને ડીસી કારગિલની દેખરેખ હેઠળ, સંવેદનશીલ પ્રવાહો અને નાળાઓને સાફ કરવા અને તેમની પાણી સંગ્રહ ક્ષમતા વધારવા માટે કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આનાથી વાદળ ફાટ્યા પછી મોટા પ્રમાણમાં પાણી, કાદવ અને પથ્થરોનો પ્રવાહ નિયંત્રિત રીતે આગળ વધી શક્યો. પ્રવાહોની પાણી વહન ક્ષમતામાં વધારો થવાને કારણે, વાદળ ફાટવાનું પાણી અને કાટમાળ ગામડાઓ અથવા મુખ્ય માળખાને નુકસાન પહોંચાડ્યા વિના સિંધુ નદી તરફ વહેતો હતો. વહીવટી ટીમો પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે, અને રહેવાસીઓને સતર્ક રહેવાની સલાહ આપવામાં આવી છે.

સ્તકપા-સંકુ એ કારગિલથી લગભગ ૪૪ કિલોમીટર દક્ષિણમાં સ્થિત એક પહાડી ગામ છે. આ ગામ સુરુ વેલી રોડ પર આવેલું છે, જે ઝાંસ્કર ખીણ તરફ દોરી જાય છે. પર્વતીય પ્રદેશમાં સતત વરસાદને ધ્યાનમાં રાખીને, વહીવટીતંત્ર કોઈપણ કટોકટીનો સામનો કરવા માટે સતર્ક છે.

સલાલ ડેમના અનેક દરવાજા ખોલવામાં આવ્યા હતા. દરમિયાન, જમ્મુ અને કાશ્મીરના રિયાસીમાં, સતત વરસાદને કારણે ઉપરના કેચમેન્ટ વિસ્તારોમાંથી જળાશયમાં વધતા પ્રવાહને નિયંત્રિત કરવા માટે સલાલ ડેમના અનેક દરવાજા ખોલવામાં આવ્યા હતા. ઉપરના કેચમેન્ટ વિસ્તારોમાં સતત વરસાદને કારણે ડેમના જળાશયમાં પાણીનું સ્તર અચાનક વધી ગયું હતું. ત્યારબાદ વધતા પાણીના દબાણ અને પાણીના સ્તરને નિયંત્રિત કરવા માટે દરવાજા ખોલવામાં આવ્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, જળાશયમાં પાણીના સ્તર પર સતત નજર રાખવામાં આવી રહી છે. વરસાદને કારણે કોઈપણ સંભવિત પૂરનો સમયસર પ્રતિભાવ સુનિશ્ચિત કરવા માટે વહીવટીતંત્ર પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે.

કારગિલમાં વાદળ ફાટવાની ઘટના અને રિયાસીમાં સલાલ ડેમના દરવાજા ખોલવાની ઘટના એવા સમયે બની છે જ્યારે હિમાલયના પ્રદેશોમાં સતત વરસાદને કારણે ઘણા વિસ્તારોમાં પૂર અને ભૂસ્ખલનનું જોખમ વધી ગયું છે. વહીવટી એજન્સીઓ સંવેદનશીલ વિસ્તારોમાં પરિસ્થિતિ પર સતત નજર રાખી રહી છે.

# ગુજરાતની ખાનગી સ્કૂલ-કોલેજોમાં એનસીસી કેમ્પનો ૧૦૦% ખર્ચ હવે સરકાર ભોગવશે, ઠરાવ પસાર કરાયો

અમદાવાદ

સરકારી સ્કૂલો અને કોલેજોના એનસીસી સ્ટુડન્ટસને વિવિધ નેશનલ કેમ્પોમાં ભાગ લેવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ખર્ચની ચુકવણી કરવામાં આવે છે. જો કે ખાનગી સ્કૂલો-કોલેજોના એનસીસીના વિદ્યાર્થીઓએ પોતાના ખર્ચે જવુ પડતુ હોય છે અથવા તો ખર્ચ ખાનગી સ્કૂલ-કોલેજે ભોગવવો પડતો હોય છે. પરંતુ હવે રાજ્ય સરકાર ખાનગી સ્કૂલો-કોલેજોના એનસીસી વિદ્યાર્થીઓ માટે કેમ્પનો તમામ ૧૦૦ ટકા ખર્ચ ભોગવશે. આ માટે રાજ્ય સરકારે ઠરાવ પણ કરી દીધો છે.ગુજરાતની સરકારી સ્કૂલો અને કોલેજોના નેશનલ કેડેટ કોર્પ્સ(એનસીસી)ના રાષ્ટ્રીય કેમ્પો જેવા કે રીપબ્લિક ડે કોન્ટિન્જેન્ટ, થલ સૈનિક કેમ્પ, યુથ એકસચેન્જ પ્રોગ્રામ, વાયુ સૈનિક કેમ્પ, નેવી સૈનિક કેમ્પ તેમજ અન્ય રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ-કામગીરીમાં સ્કૂલો-કોલેજોના વિદ્યાર્થીઓ પસંદગી પામે ત્યારે સરકારી સ્કૂલો અને કોલેજોના એનસીસી વિદ્યાર્થીઓને આ તમામ કેમ્પોમાં જવા માટે મિસિંગ, ટ્રાવેલિંગ જર્ની રેશન, ઈન્સિડેન્ટલ, પીઓએલ ચાર્જીસ સહિતના કેમ્પ ભથ્થા કેન્દ્ર સરકાર દ્વારા ચુકવવામાં આવે છે. પરંતુ રાજ્યની ખાનગી સ્કૂલો અને કોલેજોના એનસીસી કેડેટ્સ-સ્ટુડન્ટસને આવા નેશનલ કેમ્પોમાં જવા માટે કોઈ પણ પ્રકારનું ભથ્થુ આપવામાં આવતુ નથી. જેથી તમામ ખર્ચ વિદ્યાર્થીઓ-કેડેટ્સ પોતે ભોગવે છે. રાષ્ટ્રીય કક્ષાના કેમ્પોની પસંદગી પ્રક્રિયા માટે કેડેટ્સે અંદાજે ૪થી૫ સ્પર્ધાત્મક કેમ્પોમાં ભાગ લેવાનો હોય છે.ખાનગી કોલેજો-સ્કૂલોના તેજસ્વી એનસીસી વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય સ્તરે પસંદગી પામ્યા હોવા છતાં આર્થિક ભારણના કારણે ભાગ લેવા અનિચ્છા દર્શાવતા હોય છે. આથી રાજ્યના તમામ એનસીસી વિદ્યાર્થીઓને સમાન તક મળે તે માટે રાજ્ય સરકારે ખાનગી સ્કૂલો અને કોલેજોના એનસીસી વિદ્યાર્થીઓને વિવિધ કેમ્પોમાં જવા માટે ખર્ચ આપવાનો નિર્ણય કર્યો છે.

સરકારના શિક્ષણ વિભાગે આ માટે ઠરાવ પણ કર્યો છે અને જે મુજબ ખાનગી સ્કૂલો-કોલેજોના કેડેટસની માફક જ ભથ્થા મંજૂર કરવામાં આવશે. આ માટે એનસીસી નિયામક કચેરી દ્વારા સરકારને દરખાસ્ત પણ કરાઈ હતી. આ મંજૂરી અન્વયે થનાર ખર્ચનો ૧૦૦ ટકા હિસ્સો રાજ્ય સરકાર જ ભોગવશે. આમ હવે રાજ્યમાં એનસીસીમાં જોડાતા વિદ્યાર્થીઓની સંખ્યા વધશે.

# પશ્ચિમ બંગાળમાં હવે સરકારી કચેરીઓમાં અઠવાડિયામાં બે દિવસ જાહેર અદાલતો યોજાશે

કોલકતા

મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ જાહેર ફરિયાદોનું સીધું નિરાકરણ લાવવા માટે "આપનાર સરકાર આપનાર પાસ" (તમારી સાથે તમારી સરકાર) પહેલ શરૂ કરી. આ પહેલ હેઠળ, તેઓ વ્યક્તિગત રીતે સાપ્તાહિક જાહેર સુનાવણી કરે છે, લોકો સાથે રૂબરૂ વાતચીત કરીને તેમની સમસ્યાઓ અને ફરિયાદો સાંભળે છે. વધુમાં, આ ફરિયાદો પર પ્રક્રિયા કરવા માટે એક ઓનલાઈન સિસ્ટમ પણ શરૂ કરવામાં આવી છે. આ પહેલ વધુ મજબૂત બનવા માટે તૈયાર છે. નબન્નાએ આ કાર્યક્રમને રાજ્યના લોકો માટે વધુ સુલભ બનાવવાના પ્રયાસો તીવ્ર બનાવ્યા છે. હવેથી, ક્ષેત્રીય સ્તરના અધિકારીઓએ પણ અઠવાડિયામાં બે વાર જાહેર સુનાવણી યોજવી પડશે.

આ "જનતા દરબાર" દર મંગળવાર અને ગુરુવારે સવારે ૧૦:૩૦ થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી સંબંધિત અધિકારીઓની કચેરીઓમાં યોજાશે. આ "જનતા દરબાર" શક્ય તેટલી વહેલી તકે ફરી શરૂ કરવા સૂચનાઓ જારી કરવામાં આવી છે. જિલ્લા મેજિસ્ટ્રેટ, મ્યુનિસિપલ કમિશનર, સબ-ડિવિઝનલ ઓફિસર્સ, બ્લોક ડેવલપમેન્ટ ઓફિસર્સ,પોલીસ અધિકારીઓ અને અન્ય ગ્રાઉન્ડ અધિકારીઓને જનતા દરબાર દરમિયાન ઉપલબ્ધ રહેવા માટે કહેવામાં આવ્યું છે. આ સમયગાળા દરમિયાન કોઈ મીટિંગ કે સત્તાવાર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે નહીં.

જનતા દરબાર માટે અધિકારીઓની મીટિંગના દિવસો અને સમય, તેમના મોબાઈલ નંબર અને ઈમેઈલ સરનામાં સરકારી કચેરીઓની બહાર અને સત્તાવાર વેબસાઈટ પર સ્પષ્ટ રીતે પ્રદર્શિત કરવામાં આવશે. જાહેર ફરિયાદો સાંભળ્યા પછી, અધિકારીઓ "આપનાર સરકાર આપનાર પાસ" પોર્ટલ પર તેમની કાર્યવાહી વિશે વિગતવાર માહિતી ઓનલાઈન સબમિટ કરશે. કર્મચારી અને વહીવટી સુધારણા વિભાગ આ સમગ્ર પ્રક્રિયાનું નિરીક્ષણ કરશે. વહીવટીતંત્ર માને છે કે આ સિસ્ટમ એવા લોકો માટે ખૂબ ઉપયોગી થશે જેઓ ઓનલાઈન અથવા ડિજિટલ એપ્લિકેશનોનો ઉપયોગ કરવામાં આરામદાયક નથી. આવા લોકો હવે સીધા સરકારી કચેરીઓની મુલાકાત લઈ શકશે અને અધિકારીઓ સાથે રૂબરૂ મળી શકશે અને તેમની સમસ્યાઓનું નિરાકરણ લાવી શકશે.

"જનતા દરબાર" એ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી દ્વારા જાહેર ફરિયાદોના નિરાકરણ માટે શરૂ કરાયેલ એક મુખ્ય પહેલ છે. સંપૂર્ણ વહીવટી જવાબદારીના સિદ્ધાંત પર આધારિત, આ કાર્યક્રમ રાજ્ય વહીવટના સર્વોચ્ચ કાર્યાલય અને સામાન્ય નાગરિક વચ્ચેના અંતરને દૂર કરે છે અને મહત્વપૂર્ણ અને લાંબા સમયથી પડતર મુદ્દાઓને ઉકેલવા માટે રૂબરૂ સંવાદ માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે.

# મહીસાગર જીલ્લામાં ખેલમહાકુંભ ૨૦૨૬ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયાનો પ્રારંભઃ ૨૨ સપ્ટેમ્બર સુધીમાં નોંધણી કરાવવી અનિવાર્ય

– સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ખેલમહાકુંભ ૨૦૨૬નું આયોજનઃ જીલ્લાના રમતવીરોને ઓનલાઈન પ્લેટફોર્મ પર નોંધણી કરાવવા અનુરોધ.
– વિવિધ સ્તરે સ્પર્ધાઓનું આયોજન અને વયજૂથ અનુસાર સહભાગિતાની તક.

લુણાવાડા, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ખેલમહાકુંભ ૨૦૨૬નું ભવ્ય આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ ખેલકુંભ અંતર્ગત મહીસાગર જીલ્લાના પ્રતિભાશાળી ખેલાડીઓ પોતાની રમતગમતની કુશળતા દર્શાવી શકે તે હેતુથી ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. જીલ્લા રમતગમત અધિકારીની કચેરી, મહીસાગર દ્વારા જણાવવામાં આવ્યું છે કે રમતવીરોએ આગામી ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સાંજે ૬:૦૦ વાગ્યા સુધીમાં નિયત વેબસાઈટ પર પોતાની નોંધણી કરાવી લેવાની રહેશે. આ રમત ઉત્સવમાં શાળા અને ગ્રામ્ય કક્ષાથી લઈને તાલુકા, જીલ્લા, મહાનગરપાલિકા અને રાજ્ય કક્ષા સુધીની સ્પર્ધાઓનું તબક્કાવાર આયોજન કરવામાં આવશે.

ખેલમહાકુંભ ૨૦૨૬માં વિવિધ વયજૂથના ખેલાડીઓ ભાગ લઈ શકશે, જેમાં ખાસ કરીને શાળા કક્ષાએ અંડર-૯, અંડર-૧૧, અંડર-૧૪ અને અંડર-૧૭ વયજૂથના રમતવીરો એથ્લેટિક્સ જેવી વિવિધ રમતોમાં પોતાનું કૌવત બતાવશે. સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા તમામ ખેલાડીઓ માટે વય મર્યાદા નક્કી કરવા માટેની કટ ઓફ ડેટ ૩૧ માર્ચ ૨૦૨૭ રાખવામાં આવી છે. આ સ્પર્ધામાં શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જે તે શાળા મારફતે, જ્યારે કોલેજમાં અભ્યાસ કરતા યુવાનો ઓનલાઈન અથવા કોલેજ મારફતે નોંધણી કરાવી શકશે. અભ્યાસ ન કરતા હોય તેવા ખેલાડીઓ જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર પરથી પોતાના વયજૂથમાં રજીસ્ટ્રેશન કરાવીને આ રમત મહોત્સવનો હિસ્સો બની શકે છે.રજીસ્ટ્રેશનની પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઈન રાખવામાં આવી છે, જેના માટે ખેલાડીઓએ સત્તાવાર વેબસાઈટ https:// khelmahakumbh.gujarat.gov.in પર લોગ-ઈન કરવાનું રહેશે. નિયમો અનુસાર પ્રત્યેક ખેલાડી મહત્તમ બે રમતોમાં જ ભાગ લઈ શકશે અને તેના માટે એક જ KMK ID હોવું અનિવાર્ય છે. જો કોઈ ખેલાડી એક જ KMK ID થી બે રમત માટે નોંધણી કરાવશે, તો જ તેનું રજીસ્ટ્રેશન માન્ય ગણવામાં આવશે. જે ખેલાડીઓ પાસે અગાઉનું KMK ID ઉપલબ્ધ હોય, તેમણે ફરજીયાતપણે જૂના આઈડીનો જ ઉપયોગ કરવાનો રહેશે.

ખેલમહાકુંભમાં વિજેતા થનાર ખેલાડીઓને સરકારના નિયમ મુજબ રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે. આ આર્થિક પ્રોત્સાહન મેળવવા માટે પણ સમાન KMK ID થી થયેલું રજીસ્ટ્રેશન પૂર્વશરત છે. મહીસાગર જીલ્લાના તમામ રમતપ્રેમીઓ અને ખેલાડીઓને આ સુવર્ણ તકનો લાભ લેવા અને વહેલી તકે ઓનલાઈન નોંધણી પૂર્ણ કરવા માટે જીલ્લા રમતગમત અધિકારી દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે. આ આયોજન દ્વારા ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં છુપાયેલી રમતગમતની પ્રતિભાઓને રાજ્ય સ્તરે પહોંચાડવાનો મુખ્ય ઉદ્દેશ્ય રહેલો છે.

# કવાંટના પાનવડના ગામે પાંડેશ્વર મહાદેવ મંદિરે ભાવિ ભક્તો ઉમટ્યા



કવાંટ, પવિત્ર શ્રાવણ માસના ત્રીજા સોમવારે કવાંટ તાલુકાના પાનવડ ગામે આવેલા પૌરાણિક પાંડેશ્વર મહાદેવ મંદિરે ભક્તોનો મહાસાગર ઉમટી પડ્યો હતો. વહેલી સવારથી જ 'હર હર મહાદેવ'ના નાદ સાથે ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી.

શ્રાવણ માસ ભોલેનાથની ભક્તિનો માસ ગણાય છે. આ નિમિત્તે પાનવડ સ્થિત આ પ્રાચીન શિવાલયમાં સોમવારે વિશેષ શૃંગાર, રૂદ્રાભિષેક અને બિલ્વપત્ર અર્ચના કરવામાં આવી હતી. મંદિર પરિસરને ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. ભક્તોએ દૂધ, જળ, દહીં અને મધ વડે શિવલિંગનો અભિષેક કરીને ધન્યતા અનુભવી હતી.મંદિરના પૂજારી જગદીશ મહારાજે જણાવ્યું હતું કે, ‘‘આ મંદિર અતિ પૌરાણિક છે. માન્યતા મુજબ, અજ્ઞાતવાસ દરમિયાન પાંડવોએ અહીં શિવલિંગની સ્થાપના કરી હતી, જેના કારણે તેનું નામ પાંડેશ્વર મહાદેવ પડ્યું છે. અહીં શિવલિંગ પાંચ ફૂટ નીચે સ્થાપિત છે અને પાંચ ડેરીઓ આવેલી છે. શ્રદ્ધાપૂર્વક દર્શન કરનાર દરેક ભક્તની મનોકામના મહાદેવ અવશ્ય પૂર્ણ કરે છે.’’

ત્રીજા સોમવારના દિવસે છોટાઉદેપુર, કવાંટ સહિત આસપાસના ગામોના હજારો શ્રદ્ધાળુઓએ દર્શનનો લાભ લીધો હતો. સમગ્ર દિવસ દરમિયાન મંદિર પરિસર 'બમ બમ ભોલે'ના જયઘોષથી ગુંજી ઉઠ્યું હતું. યુવાનો, વૃદ્ધો અને મહિલાઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

# સંખેડામાં કિન્નર સમાજને ગૌશાળા નિર્માણ માટે ૨૧ સિમેન્ટની થેલી સિમેન્ટનું દાન આપી



સંખેડા, સંખેડામાં બિઝનેસ કરતા દિવ્યેશભાઈ પટેલે શ્રાવણ માસ નિમિત્તે ગૌશાળાના નિર્માણ માટે ૨૧ સિમેન્ટની થેલીઓનું દાન કર્યું છે. આ દાન સંખેડાના કિન્નર સમાજને આપવામાં આવ્યું હતું.

દિવ્યેશભાઈ પટેલે આ સિમેન્ટની થેલીઓ સંખેડા કિન્નર સમાજના દેવિકા માસીને સુપરત કરી હતી. આ પ્રસંગે દેવિકાબેન સાથે કિન્નર સમાજના અન્ય સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.

દાન આપ્યા બાદ દિવ્યેશભાઈ પટેલ અને તેમના પરિવારજનોએ દેવિકા માસી તેમજ કિન્નર સમાજના આશીર્વાદ લીધા હતા.

# બોડેલી મામલતદાર એચ.એસ. શેખ વયનિવૃત્ત થતાં સન્માન સમારોહ યોજાયો



બોડેલી, બોડેલી સેવા સદન કચેરી ખાતે મામલતદાર એચ.એસ. શેખનો નિવૃત્તિ સન્માન અને વિદાય સમારોહ યોજાયો હતો. છેલ્લા ત્રણ વર્ષથી બોડેલી મામલતદાર તરીકે ફરજ બજાવ્યા બાદ તેઓ વયનિવૃત્ત થયા છે.

આ પ્રસંગે બોડેલીના SDM ભૂમિકાબેન રાઉલ, નાયબ મામલતદાર અંજનાબેન, સેવા સદનના કર્મચારીઓ, પરિવારજનો અને બોડેલી વકીલ મંડળ દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

અધિકારીઓ અને કર્મચારીઓએ મામલતદાર એચ.એસ. શેખ સાથેના પોતાના અનુભવો વ્યક્ત કર્યા હતા અને તેમની સેવાઓને બિરદાવી હતી. ફરજ દરમિયાન તેમના સહકાર અને માર્ગદર્શનને યાદ કરીને તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

છેલ્લા ત્રણ વર્ષમાં બોડેલી મામલતદાર તરીકે તેમણે કરેલી કામગીરીની સૌએ પ્રશંસા કરી હતી. નિવૃત્તિ બાદના જીવન માટે તેમને શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. પરિવારજનો, SDM કચેરી, સેવા સદન સ્ટાફ અને વકીલ મંડળની ઉપસ્થિતિમાં તેમને ભાવભીની વિદાય આપવામાં આવી હતી.

# નસવાડી તાલુકાના ૧૧ ખેડુતો પાસેથી ટ્રેકટર ભાડે લઈ બે વર્ષ ભાડું નહીં ચૂકવનાર વિરૂદ્ધ જીલ્લા પંચાયત પ્રમુખને રજુઆત

ખેડૂતોએ વારંવાર પોલીસને અરજી આપી છે છતા કોઈ નિકાલ આવ્યો નથી મને ખેડૂતોએ રજૂઆત કરી હતી કે અમારી સાથે ફ્રોડ થયું છે. કલ્પેશભાઈ સોલંકી નામનો એક વ્યક્તિ ભાડા પેટે ટ્રેક્ટર લઇ ગયો હતો. ટ્રેક્ટરનું ભાડું નથી આપતો અને ટ્રેક્ટર પણ પાછો નથી આપતો. અમુક ખેડૂતોનું ટ્રેક્ટર ગીરો પેટે લઇ ગયા હતા. તેના પૈસા પણ કલ્પેશભાઈને આપી દીધા હતા. છતા નથી ટ્રેક્ટર આપતો કે નથી પૈસા આપતો. ખેડૂતોએ વારંવાર પોલીસને અરજી આપી છે છતા કોઈ નિકાલ આવ્યો નથી. જેથી મારા ઘરે ખેડૂતો આવ્યા હતા. મેં ગઈકાલે રાત્રે છોટાઉદેપુર એસ.પી.ને રજૂઆત કરી હતી.
– રાયસિંગભાઈ ભીલ, ઉપપ્રમુખ છોટાઉદેપુર જી.પં.–



ભાડું નથી આપતો કેટ્રેક્ટર પણ પરતનથી આપતો કલ્પેશભાઈ સોલંકીને ૧૭૦૦૦રૂપિયા ભાડે આપ્યું હતું. હવેભાડું નથી આપતો કે ટ્રેક્ટર પણનથી આપતો. ફોન અમારા બંધકરી દીધા છે. ફોન ઉપાડતાનથી. બે-ત્રણ વાર અરજી કરીછે.
:– પુનાભાઈ ભીલ –:

નસવાડીમાં જમાદારને ફરિયાદ લખાવી હતી કલ્પેશ સોલંકી અમારા ટ્રેક્ટર ગીરવે લઇ ગયો હતો. લગભગ બે વર્ષ થઇ ગયા. ભાડું નથી આપતો પૈસા લઈને જઈએ તો કાલે મળી જશે પરમ દિવસે મળી જશે, એમ ધક્કા ખવડાવે છે. નસવાડીમાં જમાદારને ફરિયાદ લખાવી હતી. પણ હજી કઈ થયું નથી.
– ભીલ નિલેશભાઈ દામણભાઈ.–

સંખેડા, નસવાડી તાલુકાના ૧૧ જેટલા ખેડૂતો પાસેથી એક શખસે ભાડે-ગીરો ટ્રેક્ટર લીધા બાદ ન તો ભાડું ચુકવ્યું કે ન તો ગીરો લીધેલ ટ્રેક્ટર પરત આપ્યું. બે વર્ષથી પરેશાન ખેડૂતોએ આ બાબતે પોલીસને પણ લેખિત રજુઆતો કરી હતી.પરંતુ ત્યાર બાદ પણ કોઈ જ કાર્યવાહી ન થતા આખરે રવિવારે જીલ્લા પંચાયત ઉપપ્રમુખના ઘરે જઈને તેઓને રજૂઆત કરી.

સંખેડા તાલુકાના પડવાણ ગામે જીલ્લા પંચાયત ઉપપ્રમુખ રાયસિંગભાઈ ભીલના ઘરે નસવાડી તાલુકાના ટ્રેક્ટર ભાડે આપનારા આદિવાસી ખેડૂતો સાથે ચીટીંગ થયા હોવા બાબતેની રજૂઆત કરવા માટે આવ્યા હતા.

છેતરાયેલા ખેડૂતોએ આપવીતી જણાવતા કહ્યું હતું કે, અમારી પાસે મહીને ૧૫૦૦૦ રૂપિયા ભાડું આપવાની લાલચ આપીને ટ્રેકટર ભાડે લઇ ગયો હતો. અમને મહીને ૧૫૦૦૦ રૂપિયા મળવાની આશા હતી. અમારામાંથી કોઈક તો એવા પણ હતા કે જેઓએ લોનથી ટ્રેક્ટર લીધું હતું. આશરે બે વર્ષ વીતી જવા છંતા અમને ભાડે લેવાયેલા ટ્રેકટરના ભાડા નથી અપાયા.એક ખેડૂતે એવો આક્ષેપ કર્યો હતો કે તેણે ટ્રેક્ટર ગીરો આપ્યું હતું. પણ તેના પૈસા આપવા છંતા હજી સુધી ટ્રેક્ટર પરત આપ્યું નથી.આ બાબતે ખેડૂતોએ નસવાડી પોલીસને લેખિત રજૂઆત કરી હોવાનું પણ જણાવ્યું હતું. પણ આજદિન સુધી આ બાબતે કોઈ કાર્યવાહી કરાઈ નથી. આ વિસ્તારમાં પ્રવાસે ગયેલા જીલ્લા પંચાયતના ઉપપ્રમુખ રાયસિંગભાઈ ભીલને આ બાબતે રજૂઆત પણ કરી હતી.

# સંખેડાના પંચમુખી મહાદેવ મંદિર ચોખાના કમળના દર્શન માટે ભકતો ઉમટયા



સંખેડા, સંખેડામાં શ્રાવણના ત્રીજા સોમવારે શિવભક્તિનો માહોલ છવાયો હતો. ઓરસંગ નદી કિનારે આવેલા પ્રખ્યાત પંચમુખી મહાદેવ મંદિરે ચોખાના કમળના દિવ્ય દર્શનનું આયોજન કરાયું હતું, જેના દર્શન કરવા મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા.

મંદિરમાં આજે વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. આ અનોખા શણગાર અંતર્ગત ચોખાના કમળની સુંદર રચના તૈયાર કરવામાં આવી હતી, જે ભકતો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી. વહેલી સવારથી જ મંદિરે ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. દૂર દૂરથી શ્રદ્ધાળુઓ પંચમુખી મહાદેવના દર્શન કરવા અને પૂજા અર્ચના કરી પોતાની મનોકામના પૂર્ણ કરવા આવી રહ્યા હતા.સમગ્ર મંદિર પરિસર 'હર હર મહાદેવ'ના નાદથી ગુંજી ઉઠ્યું હતું, જેના કારણે વાતાવરણ ભક્તિમય બન્યું હતું.

# આપની આજ.......

મેષ:આજે દિવસની શરૂઆતથી લાભની સંભાવના રહેશે. કેટલીક શુભ ઘટનાઓ બનશે. અન્ય દિવસો કરતા તમે આજે ક્ષેત્રમાં ઓછા કામ કરવાથી વધારે ફાયદા મેળવી શકશો.

વૃષભ: આજે તમારા ખર્ચમાં વધારો થઈ શકે છે. પરિવારમાં કોઈપણ બાબતે ચર્ચા થઈ શકે છે. આક્રમક વર્તનને કારણે પ્રિયજનો તમારી ચિંતા કરી શકે છે. લવ લાઈફ સાથે સમાધાન કરવાનો પ્રયાસ સફળ થશે.

મિથુન: આજે મન એક સમયે બે કાર્યો માટે ભટકશે. વ્યક્તિગત અને ઘરેલુ મુદ્દાઓ તમારા માટે લાંબા સમયથી ચિંતાનો વિષય છે. આવક વધારવા અને આવકના સ્રોતને મજબૂત બનાવવાનું કામ કરશો.

કર્ક: તમે તમારા જીવનસાથી સાથે સારો સમય વિતાવશો અને ભાઈઓની સહાયથી પારિવારિક વ્યવસાયમાં અનુકૂળ સ્થિતિ રહેશે. તમારા પરિવારની સાથે સાથે તમારા સ્વાસ્થ્યની સંભાળ રાખો અને સલામતી સાથે ગીચ સ્થળોએ જાઓ.

સિંહ: આ દિવસે મન કામમાં અડચણ હોવાને કારણે અશાંત થઈ શકે છે. આજે તમારે અધૂરુ કામ પૂર્ણ કરવું જોઈએ. બપોર પછી જો તમને સહાય મળે તો તમે સરળતાથી જટિલ કાર્યો પૂર્ણ કરી શકો છો.

કન્યા: પરિવારમાં પ્રેમ અને ઉત્સાહનું વાતાવરણ રહેશે. પિતાના માર્ગદર્શનથી આર્થિક પ્રગતિ થશે. વારસામાં પિતાની સંપત્તિ મળવાની સંભાવના છે. નોકરી કરનારાઓને નવી તકો મળશે.

તુલા: આજે વિવાદ રહેશે. તમે તમારા ઘટેલા ભંડોળની ચિંતા કરી શકો છો. ઘણા પૈસા ખર્ચ કરવાથી તમારી જવાબદારી વધી શકે છે. આર્થિક બાબતોમાં કાળજી લો અને કોઈને ઉધાર આપવાનું ટાળો. દૈનિક કાર્યોમાં થોડો વિલંબ થશે પરંતુ તે પૂર્ણ થશે.

વૃશ્ચિક: આજનો દિવસ મિશ્રિત ફળદાયક રહેશે. કોઈ ઓળખાણ દ્વારા નફાની પરિસ્થિતિઓ બનાવવામાં આવશે. ક્ષેત્રમાં તમારા કાર્યની ગતિ થોડી ધીમી રહેશે, તમે ફક્ત માથે પડેલા કોઈ કાર્ય કરશો

ધન: આજનો દિવસ તમારા માટે અનુકૂળ છે. કોઈ એક જે કાર્યમાં જોડાશો તો અન્યની તુલનામાં ઝડપી સફળતા મેળવી શકે છે. આજે તમને ઓફિસની કામગીરી અને ધંધામાં સુધારો કરવાની ઘણી તક મળશે પરંતુ તે ગુમાવશો નહીં.

મકર: આજનો દિવસ તમારી તરફેણમાં રહેશે. તમારી છબી લોકોમાં સુધરશે. નોકરીઓ ધરાવતા લોકો વધારાની આવક કરવામાં ચાલાકી કરશે, તેને સફળતા મળશે.

કુંભ: લાંબા સમય પછી તમે આજે રાહત અને ખુશીનો અનુભવ કરશો. તબિયત ધીરે ધીરે સુધરશે, પરંતુ પરિવારના સભ્યોએ ગીચ સ્થળોએ જવાનું ટાળવુ જોઈએ.

મીન: આ દિવસે સુખ અને શાંતિ વધશે. તમને કોઈપણ કાયદાકીય વિવાદ અથવા અન્ય પ્રકારના કોર્ટ-કેસોથી આઝાદી મળશે. તમારા બધા મહત્વપૂર્ણ અને મહત્વપૂર્ણ દસ્તાવેજો સુરક્ષિત રાખો.

# પંચમહાલ જીલ્લાના શિવાલયોમાં શ્રાવણ માસના ત્રીજા સોમવારે દર્શનાર્થે ભકતોનો ઘસારો



શહેરા, પંચમહાલ જીલ્લાના શિવાલયોમાં શ્રાવણ માસના ત્રીજા સોમવારે દર્શનાર્થે ભક્તોનો ઘસારો જોવા મળ્યો હતો.પૌરાણિક મરડેશ્વર મહાદેવ મંદિરે શિવભકતોએ સ્વયંભૂ શિવલિંગ પર જળાભિષેક,દૂધ, પુષ્પો અને બીલીપત્ર અર્પણ કરી ધન્યતા અનુભવી હતી.

શહેરા-લુણાવાડા હાઈવે પર સ્થિત પૌરાણિક અને આસ્થાના પ્રતિક સમાન મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રાવણ માસના ત્રીજા સોમવારે વહેલી સવારથી જ ‘હર હર મહાદેવ’ ના નાદથી મંદિર પરિસર અને આસપાસનો વિસ્તાર ભકિતમય માહોલમાં ગરકાવ થઈ ગયો હતો. શિવભક્તોએ સ્વયંભૂ શિવલિંગ પર જળાભિષેક તેમજ બીલીપત્ર અને પુષ્પો અર્પણ કરી વિશેષ પૂજા-અર્ચના કરી હતી. ‘જય ભોલે’ના જયઘોષ સાથે શ્રદ્ધાળુઓ ધીરજપૂર્વક લાઈનમાં આગળ વધી રહ્યા હતા અને દાદાના દિવ્ય શિવલિંગના દર્શન કરીને કૃતાર્થ થયા હતા. દિવસ દરમિયાન મંદિર પરિસરમાં દર્શનાર્થે ભક્તોની લાંબી લાઈનો જોવા મળી હતી.માત્ર મરડેશ્વર ધામ જ નહીં, પરંતુ જીલ્લામાં આવેલા નાના-મોટા શિવાલયોમાં શ્રાવણના ત્રીજા સોમવારે શિવ ભક્તોની ભીડ જોવા મળી હતી. વિવિધ શિવ મંદિરો ખાતે લઘુરૂદ્ર પાઠ, શિવમહિમ્ન સ્તોત્રનું પઠન, હોમ-હવન અને વિશેષ ભજન-કિર્તન જેવા ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. શ્રાવણના પવિત્ર વાતાવરણમાં સમગ્ર જીલ્લો શિવભક્તિના રંગે રંગાઈ ગયો હતો અને ચોમેર માત્ર ને માત્ર ભક્તિ, આસ્થા અને શ્રદ્ધાનો સંગમ જોવા મળ્યો હતો.

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**
કેસ નં. ૫૭/૨૦૨૫, તા.૧૫/૦૬/૨૦૨૬
અરજદાર- શ્રી હરિજન પર્વતભાઈ ઈસાભાઈ, રહે.ભોરવા,તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂધ્ધ
સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી,ભોરવા, તા.ધાનપુર, જી.દાહોદ
જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી હરિજન પર્વતભાઈ ઈસાભાઈ તેમના માતા નામે હરિજન સંતુબેન ઈસાભાઈની મરણ તા.૧૫/૦૮/૨૦૧૮ નારોજ મુ.ભોરવા, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના માતાનો મરણ થયેલ ત્યારે મરણ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.ભોરવા, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના માતાનો મરણના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
આજ તારીખ- ૧૫ માહે જુન નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**
કેસ નં. ૫૮/૨૦૨૫, તા.૧૫/૦૬/૨૦૨૬
અરજદાર- શ્રી હરિજન મોકીલભાઈ ઈસાભાઈ, રહે.ભોરવા,તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂધ્ધ
સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી,ભોરવા, તા.ધાનપુર, જી.દાહોદ
જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી હરિજન મોકીલભાઈ ઈસાભાઈ તેમના માતા નામે હરિજન જમનીબેન ઈસાભાઈની મરણ તા.૧૮/૦૩/૨૦૧૮ નારોજ મુ.ભોરવા, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના માતાનો મરણ થયેલ ત્યારે મરણ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.ભોરવા, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના માતાનો મરણના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
આજ તારીખ- ૧૫ માહે જુન નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**
કેસ નં. ૧૨૨/૨૦૨૫, તા.૦૬/૦૬/૨૦૨૬
અરજદાર- શ્રી ભુરીયા મનસુરભાઈ સેનીયાભાઈ, રહે.આંબાકાચ,તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂધ્ધ
સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી,આંબાકાચ, તા.ધાનપુર, જી.દાહોદ
જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી ભુરીયા મનસુરભાઈ સેનીયાભાઈ તેમના પુત્ર નામે ભુરીયા આશિકભાઈ મનસુરભાઈની જન્મ તા.૨૭/૧૧/૨૦૦૭ નારોજ મુ.આંબાકાચ, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્રનો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.આંબાકાચ, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રનો જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
આજ તારીખ- ૦૬ માહે જુન નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**
કેસ નં. ૪૭૩/૨૦૨૬, તા.૧૨/૦૩/૨૦૨૬
અરજદાર- શ્રી ભુરીયા મહેશભાઈ નારુભાઈ, રહે.આંબાકાચ,તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂધ્ધ
સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી,આંબાકાચ, તા.ધાનપુર, જી.દાહોદ
જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી ભુરીયા મહેશભાઈ નારુભાઈ તેમના પુત્ર નામે ભુરીયા રોહિતભાઈ મહેશભાઈની જન્મ તા.૦૧/૦૧/૨૦૦૬ નારોજ મુ.આંબાકાચ, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્રનો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.આંબાકાચ, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રનો જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
આજ તારીખ- ૧૨ માહે માર્ચ નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

**જાહેર નોટીસ એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુરની કોર્ટમાં**
કેસ નં. ૨૮૪/૨૦૨૬, તા.૦૬/૦૭/૨૦૨૬
અરજદાર- શ્રી મોહનીયા બળવંતભાઈ ગજાભાઈ, રહે.દુધામલી,તા.ધાનપુર, જી.દાહોદ
વિરૂધ્ધ
સામાવાળા-તલાટી કમ મંત્રીશ્રી,દુધામલી, તા.ધાનપુર, જી.દાહોદ
જન્મ મરણ અધિનિયમની કલમઃ ૧૩ (૩) મુજબ જન્મની નોંધણી ડરવા બાબતઆથી તમામ લગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે,અત્રેની કોર્ટમાં અરજદાર શ્રી મોહનીયા બળવંતભાઈ ગજાભાઈ તેમના પુત્ર નામે મોહનીયા દીલીપભાઈ બળવંતભાઈની જન્મ તા.૧૫/૦૩/૨૦૦૨ નારોજ મુ.દુધામલી, તા. ધાનપુર, જી.દાહોદ મુડામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે. જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારશ્રીના પુત્રનો જન્મ થયેલ ત્યારે જન્મ નોંધણી તલાટી કમ મંત્રીશ્રી મું.દુધામલી, તા.ધાનપુર, જી.દાહોદના જન્મ મરણ રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહું અરજદારને તેમના પુત્રનો જન્મના દાખલાની જરૂરીયાત હોય અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ :૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો,વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન-૩૦ (ત્રીસ)માં તે પહેલાં જાતે યા વડીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવુ. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોકત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.
આજ તારીખ- ૦૬ માહે જુલાઈ નારોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.
કોર્ટનો સિક્કો
(એન.જે.ગોમતીવાલ)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ ધાનપુર

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# સહકારી સંસ્થાને સેવાકીય પ્રવૃતિઓ માટે જમીન આપી હતી આ જમીનને સૌદાગરો એ વેંચી નાંખવાના પ્રકરણમાં

**– દે.બારીઆમાં સોનાની લગડી સમાન સરકારી પડતર જમીનમાં ૬૪ પ્લોટોના વેચાણ દસ્તાવેજો ક્યારે કરાયા અને આ રહેણાંકના પ્લોટોના નકશાને અધિકૃત ક્યારે મંજૂર કરાયા.? વધુ એક તપાસની માંગ.!!**

**– દાહોદ કલેક્ટરાય કચેરી દ્વારા એ ભૂમાફિયા ત્રિપુટીનો ભ્રમ ભાગી જાય એવા સ્થળ તપાસોના આદેશો આપવા જરૂરી છે.**

દાહોદ,
દે.બારીઆ નગરના વિકાસમાં સોનાની લગડી સમાન બની ગયેલ સરકારી પડતર જમીનમાં આવેલ એક સહકારી સંસ્થાની જર્જરીત ઈમારત મા માલીકી હક્કો ઉભા કરીને સરકાર ની પૂર્વ મંજૂરી વગર રહેણાંક માટેના પ્લોટોની સ્કીમ મૂકી દીધા બાદ અંદાઝે ૨૦૨૨ ના અરસામાં દે.બારીઆ સબ રજીસ્ટ્રાર કચેરી મા ૬૪ પ્લોટો ના વેચાણ દસ્તાવેજો કરવામાં આવ્યા હતા. ભૂ માફીયાઓ દવારા સરકારી પડતર જમીનમૉ કરવામા આવેલા વ્યાપારો સામે ઉચ્ચ તપાસો માંગતી લેખિત ફરીયાદ સ્વરૂપની રજૂઆત ગુજરાતના મુખ્યમંત્રીના દરબાર સમક્ષ પહોંચી છે.પરંતુ એક ગંભીર આશ્ચર્ય ની ચર્ચાઓં એવી છે કે, સરકારી પડતર જમીનમા જર્જરીત હાલતમાં દેખાતી જે સહકારી સંસ્થાની ઈમારતના આધારેઅંદાઝે ૨૦૨૨ના અરસ પરસના સમયગાળામાં જે ૬૪ પ્લોટોના વેચાણ દસ્તાવેજો કરવામા આવ્યા હતા. આ પ્લોટના નકશા ને દે.બારીઆ ન.પાલિકા ના જે તે સંલગ્ન સત્તાધીશો દવારા તાજેતરમાં એટલે કે ત્રણ મહીનાઓ પહેલા જ અધિકૃત રીતે સહી સિક્કાઓ સાથે મંજૂરી આપવામાં આવી હોવાની ચર્ચાઓ ક્રમશઃ બહાર આવતા આ મુદ્દો પણ તપાસો માંગે એવો છે. ખરેખર તો દાહોદ કલેક્ટરાય દવારા દે.બારીઆ ના હાર્દસમા વિસ્તાર મા આવેલ સોના ની લગડી સમાન કહેવાતી આ સહકારી પડતર જમીન મા ૬૪ પ્લોટો નો કરાયેલા વેચાણ દસ્તાવેજો સંદર્ભમાં સ્થળ તપાસો અને જમીન ની માપણી સાથે તટસ્થ તપાસો ના જો આદેશો આપવામાં આવે તો ગૌચર ની જમીન ને પણ ગાયબ કરી દેનારા ચોંકાવનારા રહસ્યો તો બહાર આવશે જ સાથોસાથ દે.બારીઆના પાલિકાના સત્તાધીશો એ આ રહેણાંક પ્લોટના નકશાઓને અધિકૃત મંજૂરીઓ ક્યારે આપી અને પ્લોટોના વેચાણ દસ્તાવેજો ક્યારે કરાયા આ સમયગાળાના તફાવતો સામે પણ તપાસોના આદેશો આપવામાં આવે એવી વધુ એક માંગનો ઉમેરો થવા પામ્યો છે.દે.બારીઆના હાર્દસમા વિસ્તારમાં આવેલ સરકારી પડતર જમીન એક સહકારી ક્ષેત્રની સંસ્થાને ફાળવવામાં આવી હતી. પરંતુ સમય જતા આ સહકારી સંસ્થાની પ્રવૃત્તિઓ લગભગ બંધ થઈ ગઈ હતી અને એકમાત્ર આ સરકારી ક્ષેત્રની જર્જરીત ઈમારત દેખાતી હતી. આ સરકારી પડતર જમીન વધતા ભાવોમાં સોનાની લગડી જેવી બની જતા દે.બારીઆની એ ચોક્કસ ભૂમાફિયા ત્રિપુટીની નજરો આ જમીન ઉપર સ્થિર થઈ ફટાફટ માલિકી હક એટલે કે વહીવટકર્તા ઉભા કરીને સરકારી પડતર જમીન મા રહેણાંક હેતુઓ માટેના પ્લોટો પાડીને ૬૪ પ્લોટોના દે.બારીઆ સબ રજીસ્ટ્રાર કચેરી સમક્ષ ૨૦૨૨ ના સમયગાળા મા વેચાણ દસ્તાવેજો કરીને ભૂ માફીયા મંડળી એ કરોડો રૂપિયાનો વ્યાપર કરી લીધો હતો.આ સરકારી પડતર જમીનમાં રહેણાંકના પ્લોટો ના જે તે સમયે જે નકશો તૈયાર કરાયો હતો એના ઉપર દે.બારીઆ ન.પાલિકા ના સત્તાધીશો એ ચાર વર્ષો બાદ અધિકૃત મંજૂરી ની મહોર મારી હોવાની ઉંભી થયેલ સ્ફોટક ચર્ચાઓ ની માંગ ઉભી થવા પામી છે.

# દાહોદમાં સૌ પ્રથમવાર નીકળેલી શ્રીજીની ભવ્ય જાજરમાન આગમન યાત્રામાં માનવ કીડીયારૂં ઉભરાયું



દાહોદ,
હકડેઠઠ ભીડની કંટ્રોલ કરવાની પોલીસની શ્રેષ્ઠ કામગીરીની શહેરમાં ઠેર ઠેર પ્રશંસા કરી. આ આગમન યાત્રાના આરંભપૂર્વે ચાર થાંભલા ખાતે ઊભા કરાયેલા વિશાળ સ્ટેજ પરથી બહારથી બોલાવેલ મંડળીના કલાકારો દ્વારા સુંદર ધાર્મિક ભજનો ગાય ઉપસ્થિત જંગી જનમેદનીને મંત્રમુગ્ધ કરી નચાવી હતી. નાસિકના ઢોલની ગુંજ સાથે ચારા થાંભલા ખાતેથી નીકળેલ શ્રીજીની ભવ્ય જાજરમાન આગમન યાત્રા સરસ્વતી સર્કલ, ભગિની સમાજ, માણેકચંદ ચોક, જુની નગરપાલિકા ચોક, નેતાજી બજાર, પડાવ ચોક થઈ કિકલાવાલા કમ્પાઉન્ડમાં આવી હતી. આ આગમન યાત્રામાં હજારોની સંખ્યામાં શ્રીજી ભક્તો જોડાયા હતા.

દાહોદ શહેરમાં છેલ્લા કેટલાક વર્ષથી જીની આગમન યાત્રાનો ટ્રેન્ડ શરૂ થયો છે અને વાજતે ગાજતે શ્રીજીની ભવ્ય આગમન –યાત્રાનુ શહેરના દરેક ગણેશ મંડળો દ્વારા આયોજન કરવામાં આવે છે અને ગણેશ ચતુર્થી પહેલા જ સમગ્ર દાહોદ શ્રીજીમય બની જાય છે. ત્યારે દાહોદમાં સૌ પ્રથમવાર બહારપુરા બાલ ગણેશ મંડળ દ્વારા દગડુશેઠ શ્રીજીની ભવ્ય જાજરમાન આગમન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આગમન યાત્રાનો શહેરના સ્ટેશન રોડ ચાર થાંભલા ખાતેથી આરંભ કરવામાં આવ્યો.

# સુખસર ખાતે ચોથી ભવ્ય કાવડયાત્રા યોજાઈ

**સુખસર પ્રખંડના ૨૨ ગામોમાંથી ૪૫૫ કાવડ્યાત્રીઓ જોડાયા; સામાજીક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું**



સુખસર,
સુખસર ખાતે ચોથી ભવ્ય કાવડયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સુખસર પ્રખંડના ૨૨ ગામોમાંથી કુલ ૪૫૫ કાવડયાત્રીઓ આ ધાર્મિક યાત્રામાં જોડાયા હતા. વિવિધ ગામોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ એકસાથે જોડાતા સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

કાવડયાત્રા દરમિયાન જાનમારીઆ મહાદેવ મંદિરથી કળશમાં પવિત્ર જળ ભરી સુખસર મહાદેવ મંદિરે લાવવામાં આવ્યું હતું, જ્યાં ભગવાન શિવને પવિત્ર જળ અર્પણ કરી જળાભિષેક કરવામાં આવ્યો હતો.

યાત્રામાં સુખસર, રાવળના વરૂણા, મકવાણાના વરૂણા, ભોજલા, મારગાળા, પાટડીયા, બોરીદા, વાકાનેર, મોટી ઢઢેલી, લખણપુર, આફવા, ધાણીખૂટ સહિતના ગામોના શ્રદ્ધાળુઓ જોડાયા હતા. હર હર મહાદેવના જયઘોષ સાથે કાવડયાત્રીઓ ઉત્સાહપૂર્વક આગળ વધ્યા હતા.

યાત્રાના માર્ગમાં આવતા કાળિયા , માનાવાળા બોરિદા, નાના બોરિદા , મોટા બોરિદા , ધાણીખૂંટ માં જનજાતિ સમાજ ના ધાર્મિક ભાવિકો એ ચા, ફરાળી , કેળા વગેરે ની વ્યવસ્થા કરી હતી,
અને સુખસર નગર ના અલગ અલગ સમાજ ના ભાઈઓ દ્વારા પણ છાસ ,કેળા , ઠંડા પાણી અને ફરાળી ની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ સમગ્ર કાવડયાત્રામાં વિવિધ ગામોના લોકો એકસાથે જોડાઈ ધાર્મિક આસ્થા સાથે પરસ્પર સહયોગ અને ભાઈચારાનો પરિચય આપ્યો હતો. જેના કારણે હિન્દુ સમાજની સામાજીક સમરસતા અને હિન્દુ એકતા નું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું હતું.

# લીમડી નગરમાં બાઈકચોર ટોળકીનો તરખાટ મધુરમ સોસાયટીમાંથી એક જ રાતમાં ત્રણ બાઈકો ચોરાઈ

દાહોદ
લીમડી નગરમાં મધુરમ સોસાયટી માં ત્રાટકેલ બાઈક ચોર ટોળકી પોતાનો કસબ અજમાવી રૂપિયા ૫૩,૦૦૦/ની કુલ કિંમતની ત્રણ મોટરસાયકલ ચોરીને લઈ ગયાનું સત્તાવાર જાણવા મળ્યું છે.
પ્રાપ્ત વિગત અનુસાર ગત તારીખ ૨૬–૮–૨૦૨૬ ના રોજ રાત્રિના સમયે એક બાઈકચોર ટોળકી લીમડી નગરની મધુરમ સોસાયટી ને નિશાન બનાવી ત્રાટકી હતી. અને પોતાનો કસબ અજમાવી મધુરમ સોસાયટીમાં રહેતા ચેતનકુમાર કાંતિલાલ પટેલ નામના નોકરીયાતના ઘરના આંગણામાં લોક મારી પાર્ક કરેલ રૂપિયા ૧૫,૦૦૦/ની કિંમતની જીજે ૨૦એ.એસ–૪૨૮૫ નંબરની હીરો કંપનીની સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ, અરબાઝહુસેન સલીમભાઈ બંગડીવાલાની તેમના ઘરના આંગણામાં લોક મારીને પાર્ક કરેલ રૂપિયા ૧૮,૦૦૦/–ની કિંમતની જીજે ૨૦ બી.ઈ–૩૭૬૫ નંબરની મોટર સાયકલ તથા દશરથભાઈ નાનજીભાઈ બિલવાળની તેમના આંગણામાં લોક મારીને પાર્ક કરેલ રૂપિયા ૨૦,૦૦૦/–ની કિંમતની જીજે ૨૦બીજે–૦૪૨૦ નંબરની મોટરસાયકલ મળી રૂપિયા ૫૩,૦૦૦/–ની કુલ કિંમતની ત્રણ મોટરસાયકલો ચોરીને લઈ ગયા હતા. આ સંબંધે લીમડી નગરની મધુરમ સોસાયટીમાં રહેતા ચેતનકુમાર કાંતિલાલ પટેલે લીમડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા લીમડી પોલીસે આ મામલે વાહન ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી

# લીમખેડાના ચોપાટપાલ્રી ગામના હેલીપેડ વાળી ખુલ્રી જગ્યામાં લીમખેડાનો વેપારી લૂંટાયો

લીમખેડા,
રૂપિયા ૪૦ હજારની રોકડ તેમજ રૂપિયા ૧.૫૦ લાખની કિંમતની સોનાની ચેન મળી રૂપિયા ૧.૯૦ લાખની મત્તાની લૂંટ પોતાની વરના ફોરવીલ ગાડી ચોપાટપાલ્રી ગામના હેલીપેડ વાળી ખુલ્રી જગ્યામાં અને પાર્ક કરી ગાડીમાં બેસી સિગારેટ પી રહેલ વેપારીને પીપળી તેમજ મોટા હાથીધારા ગામના ચાર જેટલા ઈસમોએ ત્યાં ઊભા રહેવાના પૈસાની અને માગણી કરતા, વેપારીએ પૈસા આપવાની સાફ ના પાડતા, ચારે જણાય વેપારીને માર મારી વેપારી પાસેથી રૂપિયા ૪૦ હજારની રોકડ તેમજ રૂપિયા દોઢ લાખની કિંમતની સોનાની ચેન મળી રૂપિયા ૧.૯૦ લાખની મત્તા લૂંટી વરના કારના દરવાજાનું હેન્ડલ તોડી નાખી નુકસાન પહોંચાડ્યાનું જાણવા મળ્યું.

પ્રાપ્ત વિગત અનુસાર લીમખેડા નગરના જુના દાહોદ રોડ પર માર્કેટિંગ યાર્ડ ખાતે રહેતા ૪૦ વર્ષીય સંદીપભાઈ પ્રકાશભાઈ ગુર્જર નામના વેપારી તારીખ ૨૮–૮–૨૦૨૬ ના રોજ રાત્રિના સાડા સાતથી આઠ વાગ્યા દરમિયાન પોતાની વરના ગાડી લઈ ચોપાટ પાલડી ગામના હેલીપેડ વાળી ખુલ્રી જગ્યામાં ગયા હતા અને ત્યાં પોતાની કાર પાર્ક કરી કારમાં બેસીને સિગારેટ પી રહ્યા હતા. તે દરમિયાન લીમખેડા તાલુકાના પીપળી ગામના વલભાઈ રાજુભાઈ રાવત તેમજ તેના પિતા રાજુભાઈ દલુભાઈ રાવત એમ બંને જણા ત્યાં આવ્યા અને તે બે પૈકી રાજભાઈ દલભાઈ રાવને લીમખેડાના સુંદીપભાઈ પ્રકાશ ભાઈ ગુર્જરને કહેલ કે તું અહીંયા કેમ ઊભો છે? અહિયા ના અમે બાદશાહ છીએ. અહીંયા ઊભા રહેવાના તારે અમોને પૈસા આપવા પડશે તેમ કહી પૈસાની માંગણી કરી હતી. પરંતુ સંદીપભાઈ ગુર્જરે તેઓને પૈસા આપવાની સાફ ના પાડી દેતા ધવલભાઈ રાવત તેમજ તેના પિતા રાજુભાઈ રાવત એમ બંને જણાવું ઉશ્કેરાયા હતા અને ધવલભાઈ રાવતે સંદીપભાઈ ગુર્જરની વરના ગાડીના ડાબી બાજુના દરવાજાનું હેન્ડલ તોડી નાખી નુકસાન પહોંચાડી સંદીપભાઈ ગુર્જરના માથામાં કાચની બોટલ મારી બીજા પહોંચાડી હતી. આ વખતે રાજુભાઈ ગુર્જરે પીપળી ગામના રાહુલભાઈ મુનિયા તથા મોટા હાથીપુરા ગામના અનિલભાઈ મકવાણાને બોલાવતા તેઓ બંને જણા પણ ત્યાં આવી પહોંચ્યા હતા અને બંને જણાય સંદીપભાઈ ગુર્જર ને પકડી રાખ્યા હતા અને રાજુભાઈ રાવતે સંદીપભાઈ ગુર્જરના પેન્ટના ખિસ્સામાંથી રૂપિયા ૪૦ હજારની રોકડ કાડી લીધી હતી અને સંદીપભાઈની આંખના ભાગે મુક્ત મારી ઈજા પહોંચાડી હતી જ્યારે રાહુલ ભાઈ મુનિયાએ સંદીપભાઈ ના ગળામાં પહેરેલ રૂપિયા ૧.૫૦ લાખની કિંમતની આખરે દોઢ તોલા વજનની સોનાની ચેન ખેંચી કાઢી લીધી હતી. આમ ઉપરોક્ત ચારે જણાએ લીમખેડાના વેપારી સંદીપભાઈ પ્રકાશભાઈ ગુર્જરને મારમારી રૂપિયા ૧ ૯૦ લાખની મત્તા લંટી લીધી હતી.આ સંબંધે માર તેમજ લુટના ભોગ બનેલા લીમખેડાના વેપારી સંદીપભાઈ પ્રકાશભાઈ ગુર્જરે લીમખેડા પોલીસ સ્ટેશનમાં ઉપરોક્ત કેફિયત ભરી ફરિયાદ લીમખેડાના પીપળી ગામના રાજુભાઈ દલુભાઈ રાવત રાહુલભાઈ મુનિયા તથા મોટા અનિલભાઈ મકવાણા વિરૂદ્ધ ભારતીય ન્યાય સહીતા ૨૦૨૩ ની કલમ ૩૦૯(૪), ૩૦૯ (૬) મુજબનો ગુને નોંધી આગળની કાર્યવાહી હાથ ગતિમાન કર્યા છે. તેઓની ધરપકડના ચક્રો

# સી.આર.સી કો.ઓર્ડીનેટર પૂર્વીબેન ઉપાધ્યાયને સસ્પેન્ડ કરીને સખત કાર્યવાહી કરી હોવાના દેખાવોમાં

**– ફતેપુરા ટચ ધ લાઈટ નામની ખાનગી શાળામાંથી સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ખરીદ કરવામાં આવેલ સરકારી શૈક્ષણિક જથ્થો મળી આવવાના ચોંકાવનારા પ્રકરણનો મામલો અચાનક શાંત.?!!**
**– ટચ ધ લાઈટ ખાનગી શાળાના સંચાલકો સામે ફરીયાદ દાખલ કરો અને માન્યતા રદ કરો ની માંગ બૂલંદ બને એવા સંકેતો.**

ફતેપુરા,
ફતેપુરામાં ''ટચ લાઈટ''નામની ખાનગી શાળામાંથી સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ખરીદ કરવામાં આવેલ સરકારી શૈક્ષણિક સામગ્રીનો જથ્થો મળી આવ્યો હોવાના ચોંકાવનારા મામલામાં દાહોદના જીલ્લા પ્રા. શિક્ષણાધિકારી દ્વારા એકમાત્ર સી.આર.સી.કો. ઓર્ડીનેટર પૂર્વીબેન ઉપાધ્યાયને સસ્પેન્ડ કરીને હાલ તપાસો ચાલુ છે અને રાજ્ય સરકારને પ્રાથમિક , તપાસનો અહેવાલ મોકલ્યો હોવાના ગુણગાનો ગાઈ રહ્યા છે એના પગલે દાહોદ જીલ્લાના સરકારી : શાળાઓમાં અભ્યાસ કરતા ગરીબ આદિવાસી વિદ્યાર્થીઓના વાલીઓમાં ભારે નારાજગીઓ હોવાનું કહેવાય છે ખરેખર તો દાહોદ જીલ્લાના શિક્ષણના સત્તાધીશોએ ફતેપુરામાં આવેલ ટચ ધ લાઈટ નામની ખાનગી શાળામાંથી મળી આવેલ સર્વ શિક્ષા અભિયાનનો સરકારી શૈક્ષણિક સામગ્રીનો જથ્થો મળી આવવાના આ ચોંકાવનારા પ્રકરણમાં ટચ ધ લાઈટ'' ખાનગી શાળાના સંચાલકો અને આ શાળા સાથે સંકળાયેલા સરકારી શિક્ષકો સામે કાયદેસર ફરીયાદ દાખલ કરીને આ ટચ ધ લાઈટ'' ખાનગી શાળાને આપવામાં આવેલ મંજૂરીને તાત્કાલિક અસરથી રદ્દ કરવાના બદલે છેલ્રા બે સપ્તાહ ઉપરાંતથી તપાસો હજુ ચાલુ છે ના જે પ્રમાણે રટણો કરાઈ રહ્યા છે આ જોતા એવું લાગી રહ્યું છે કે અતિ ચર્ચાસ્પદ બનેલ આ પ્રકરણમાં બચાવ અભિયાન અંદરખાને શરૂ થઈ ચૂક્યું છે.!!દાહોદ જીલ્લામાં સરકારી શાળાઓમાં અભ્યાસ કરતાં ગરીબ આદિવાસી વિદ્યાર્થીઓને પણ ઉચ્ચ શિક્ષણ સુવિધાઓ મળી રહે આ માટે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ખરીદ કરવામાં આવેલ અદ્યતન શૈક્ષણિક સામગ્રીનો જથ્થો દરેક સરકારી સરકારી શાળાઓમાં જરૂરીયાત પ્રમાણે ફાળવવામાં આવેલા હોય છે. આ સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત ખરીદ કરવામાં આવેલ ૪ સ્માર્ટ બોર્ડ, નિપૂણ ભારતની શૈક્ષણિક કિટો, સર્વ શિક્ષા અભિયાનના પુસ્તકોનો જથ્થો ફતેપુરાની ખાનગી ટચ ધ લાઈટ નામની શાળામાંથી મળી આવ્યા હતો. વિદ્યાર્થી યુવા નેતા યુવરાજસિંહ જાડેજાની ટીમ દ્વારા કરવામાં આવેલા ઓપરેશનમાં પગલે દાહોદ થી લઈને ગાંધીનગર સુધીના શૈક્ષણિક ક્ષેત્રમાં ભારે ચકચાર પ્રસરી જવા પામી હતી. એમાં ફતેપુરામાં ફરજ બજાવતા સી.આર.સી.કો. ઓર્ડીનેટર પૂર્વીબેન ઉપાધ્યાયે સરકારના ખર્ચે ગરીબ આદિવાસી વિદ્યાર્થીઓ ના અભ્યાસ માટે ખરીદ કરવામાં આવેલ આ શૈક્ષણિક સામગ્રીના જથ્થાને પોતાના ભાઈ દેવેન ઉપધ્યાય સંચાલિત ટચ ધ લાઈટ'' ખાનગી શાળામાં મોકલી દીધો હતો અને સરકારના પગારથી નોકરી કરવા આ સરકારી શિક્ષક પૂર્વીબેન ઉપાધ્યાય પોતાના ભાઈની ખાનગી શાળામાં હાજર રહીને શાળા સંચાલન કરતા હોવાનું બહાર આવતા દાહોદ જીલ્લા પ્રા. શિક્ષણાધિકારી કચેરીના સત્તાધીશો એ સી.આર.સી.કો.ઓર્ડીનેટર પૂર્વીબેન ઉપાધ્યાયને સસ્પેન્ડ કરીને સત્ર કાર્યવાહી ઓ હાથ ધરી હોવાનો સંદેશ આપ્યા બાદ આ સમગ્ર મામલો અત્યારે શાંત પડયો હોવાનો દેખાઈ રહ્યું છે. જો કે યુવા વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજા ની ટીમ દ્વારા ફતેપુરાની ટચ ધ લાઈટ'' નામની ખાનગી શાળામાંથી મળી આવેલ સરકારી શૈક્ષણિક સામગ્રીના જથ્થા સામે આ ખાનગી શાળાના સંચાલકો સામે પોલીસ ફરીયાદ દાખલ કરો અને આ ખાનગી શાળાની માન્યતાને રદ કરાવવા માટે દાહોદ અને ગુજરાતના શિક્ષણ વિભાગના સત્તાધીશોને સામે પુનઃ તપાસ ના આદેશ કર્યા છે.

# મહેસૂલી કર્મચારીઓના ૧૪ પડતર પ્રશ્નો મુદ્દે ઝાલોદ પ્રાંત કચેરી ખાતે વિરોધ

**કાળી પટ્ટી ધારણ કરી મહેસૂલી કર્મચારીઓનો વિરોધ, પ્રશ્નો નહીં ઉકેલાય તો ૧૦ સપ્ટેમ્બરથી અનિશ્ચિત મુદતની હડતાળની ચીમકી.**




ઝાલોદ,
ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળ દ્વારા મહેસૂલી કર્મચારીઓના બઢતી–બદલી સહિતના ૧૪ પડતર પ્રશ્નોના ઉકેલ માટે રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. આ મુદ્દે આજે ઝાલોદ પ્રાંત કચેરી ખાતે મહેસૂલી કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ નોંધાવ્યો હતો.

મહામંડળ દ્વારા મુખ્યમંત્રી, મહેસૂલ મંત્રી તથા મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવને કરાયેલી રજૂઆતમાં જણાવાયું છે કે, ક્લાર્ક અને મહેસૂલી તલાટી સંવર્ગમાંથી બઢતી મેળવનારા કર્મચારીઓને મોટા પ્રમાણમાં દૂરના જીલ્લામાં નિમણૂક આપવામાં આવી છે. તેમજ સિનિયોરીટી યાદી સમયસર તૈયાર ન થવાના કારણે અનેક નાયબ મામલતદારો બઢતીથી વંચિત રહ્યા છે.

આ ઉપરાંત મહેસૂલી તલાટીઓ માટે ફિલ્ડની વાસ્તવિક પરિસ્થિતિને ધ્યાનમાં લીધા વિના નવો જોબચાર્ટ જાહેર કરાયો હોવાનો કર્મચારીઓએ આક્ષેપ કર્યો છે. ઓનલાઈન પોર્ટલ પર ઓટીપી અને થમ્બ પ્રક્રિયા સહિતની કામગીરીના કારણે કર્મચારીઓ માનસિક તણાવ અનુભવી રહ્યા હોવાની પણ રજૂઆત કરવામાં આવી છે.

મહામંડળની મુખ્ય માંગણીઓમાં નવી ભરતી પહેલાં નાયબ મામલતદારોને બઢતી આપવી, દૂરના જીલ્લામાં બદલી કરાયેલા. કર્મચારીઓને તબક્કાવાર તેમના મૂળ જીલ્લામાં નિમણૂક આપવી, નાયબ મામલતદાર અને મામલતદાર સંવર્ગની સીધી ભરતીની પ્રક્રિયા બંધ કરવી તથા ૯૧૭ મહેસૂલી તલાટીઓની હંગામી નિમણૂક રદ કરવી સહિતના ૧૪ મુદ્દાઓનો સમાવેશ થાય છે.

મહામંડળ દ્વારા આંદોલનનું તબક્કાવાર એલાન પણ કરવામાં આવ્યું છે. ૩૧ ઓગસ્ટે કાળી પટ્ટી ધારણ કરી જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવશે, ૭ સપ્ટેમ્બરે કાળી પટ્ટી સાથે કામકાજ સ્થગિત કરવામાં આવશે, ૮ સપ્ટેમ્બરે માસ સીએલ અને ૧૦ સપ્ટેમ્બરથી અનિશ્ચિત મુદતની હડતાળ શરૂ કરવાની ચીમકી આપવામાં આવી છે.

ઝાલોદ પ્રાંત કચેરી ખાતે કાળી પટ્ટી ધારણ કરી મહેસૂલી કર્મચારીઓએ સરકાર સુધી પોતાની માંગણીઓ પહોંચાડવા વિરોધ નોંધાવ્યો હતો. હવે સરકાર દ્વારા કર્મચારીઓના ૧૪ મુદ્દાઓ અંગે શું નિર્ણય લેવામાં આવે છે તેના પર સૌની નજર છે.

# અલગ-અલગ નંબર પ્લેટની રમતથી દારૂની હેરાફેરીનો પ્લાન, LCB એ કર્યો પર્દાફાશ



કારચાલકે ગાડી રોકવાને બદલે ઝડપથી ભગાવી દેતાં પોલીસે પીછો કર્યો હતો.



ઝાલોદ,
ગુજરાતમાં પરપ્રાંતીય વિદેશી દારૂ ઘુસાડતા બુટલેગરો સામે દાહોદ LCB પોલીસે વધુ એક વખત સક્રિયતા દાખવી છે. બુટલેગરો પોલીસની નજરથી બચવા માટે વાહન પર અલગ–અલગ નંબર પ્લેટનો ઉપયોગ કરી દારૂની હેરાફેરી કરવાનો નવો કીમિયો અપનાવી રહ્યા હતા, પરંતુ LCBની સતર્કતા સામે તેમનો આ પ્લાન નિષ્ફળ ગયો હતો.

ચાકલીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં LCBની ટીમ પેટ્રોલિંગમાં હતી. ત્યારે બાતમી મળી હતી કે, સફેદ રંગની ક્રેટા કારમાં મધ્યપ્રદેશ તરફથી દાહોદ જીલ્લાના રસ્તે ગોધરા તરફ વિદેશી દારૂનો જથ્થો લઈ જવાઈ રહ્યો છે. બાતમીના આધારે પોલીસે છાયણ ગામે સરકારી હોસ્પિટલ નજીક ભારતમાળા નેશનલ હાઈવે પર વોચ ગોઠવી હતી. બાતમીવાળી ક્રેટા કાર આવતા પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કારચાલકે ગાડી રોકવાને બદલે ઝડપથી ભગાવી દેતાં પોલીસે પીછો કર્યો હતો.

થોડે આગળ જતાં ક્રેટા કારનું પાછળનું ટાયર ફાટી જતાં તેમાં સવાર બે ઈસમોએ દરવાજા ખોલી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે પીછો કરી એક ઈસમને ઝડપી પાડ્યો હતો, જ્યારે બીજો ઈસમ નાસી છૂટ્યો હતો. ઝડપાયેલા ઈસમની ઓળખ રાજસ્થાનના બાડમેર જીલ્લાના ધોરીમના વિસ્તારના જુંજારામ ઉર્ફે જગદીશ તરીકે થઈ હતી.

પોલીસે ક્રેટા કારની તપાસ કરતાં સીટો નીચે છુપાવેલો ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઇંગ્લિશ દારૂ મળી આવ્યો હતો. ગણતરી કરતાં કુલ ૩,૦૬૮ બોટલ, કિંમત રૂ.૪,૩૫,૫૦૫નો દારૂ મળી આવ્યો હતો. આ ઉપરાંત કારમાંથી GJ-16-DC-0758, GJ-14-BA-3766, HR-08-AE-0001 તથા GJ-20-AQ-9293 એમ અલગ–અલગ ચાર નંબર પ્લેટો મળી આવતા સમગ્ર હેરાફેરી પાછળનો શંકાસ્પદ પ્લાન પોલીસની નજરે આવ્યો હતો.

ફરિયાદ મુજબ, દારૂની હેરાફેરી દરમિયાન વાહનની મૂળ નંબર પ્લેટ કાઢીને અન્ય નંબર પ્લેટ લગાવી વાહનને અલગ વિસ્તારમાં અલગ ઓળખ સાથે દોડાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. એટલે કે પોલીસની નજરથી બચવા અને વાહનની સાચી ઓળખ છુપાવવા માટે એક જ ગાડીની અલગ–અલગ નંબર પ્લેટનો ઉપયોગ કરવાની તૈયારી કરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

પોલીસે રૂ.૧૦ લાખની ક્રેટા કાર તથા રૂ.૪.૩૫ લાખનો દારૂ સહિત કુલ રૂ.૧૪,૩૫,૫૦૫નો મુદ્દામાલ કબજે કર્યો છે. સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

બુટલેગરો દ્વારા રાજસ્થાન–હરિયાણા તરફથી ગુજરાતમાં દારૂ ઘુસાડવા માટે અપનાવવામાં આવતી આવી નવી નવી તરકીબો સામે દાહોદ ક્ષ્ઈઇ સહિત પોલીસ તંત્ર સતર્ક બન્યું છે. ગુજરાતની સરહદમાં કોઈપણ ભોગે પરપ્રાંતીય વિદેશી દારૂનો જથ્થો ઘુસાડવામાં ન આવે તે માટે પોલીસ ટીમો સતત પેટ્રોલિંગ, બાતમીદારોના નેટવર્ક અને હાઈવે પર વોચના માધ્યમથી બુટલેગરોની હિલચાલ પર નજર રાખી રહી છે.

આ કેસમાં એક આરોપી ઝડપાયો છે, જ્યારે અન્ય આરોપીઓ ફરાર હોવાનું સામે આવ્યું છે. દારૂનો જથ્થો ક્યાંથી ભરાયો હતો, કોના ઈશારે ગુજરાત તરફ મોકલાયો હતો અને આ નેટવર્કમાં અન્ય કોણ સંકળાયેલું છે તે અંગે LCB પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 30, No.10

# પડતર માંગણીઓ સંદર્ભે કાલોલ મામલતદાર કચેરીના મહેસૂલી કર્મચારીઓ કાળી પટ્ટી ધારણ કરી કામગીરીમાં જોડાયા: મહેસૂલી તલાટીઓ અને નાયબ મામલતદારોએ પણ દર્શાવ્યો વિરોધ



કાલોલ,

ગુજરાત રાજ્ય મહેસુલી કર્મચારી મહામંડળ દ્વારા વિવિધ મુદાને લઈને કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું કાલોલ મામલતદાર કચેરીના મહેસૂલી કર્મચારીઓ, મહેસૂલી તલાટીઓ અને નાયબ મામલતદારો દ્વારા વિવિધ ૧૮ જેટલી પડતર માંગણીઓના ઝડપી અને સમયબદ્ધ નિકાલ માટે વિરોધ દર્શાવતા કાળી પટ્ટી ધારણ કરીને કામગીરી કરવામાં આવી હતી. કર્મચારીઓએ પોતાના રોજિંદા કામકાજમાં કોઈ અડચણ ઊભી કર્યા વિના કામ ચાલુ રાખીને પોતાનો અસંતોષ વ્યક્ત કર્યો હતો.

મહેસૂલી કર્મચારી મંડળ દ્વારા રજૂ કરવામાં આવેલી મુખ્ય ૧૮ માંગણીઓ નીચે મુજબ છેઃ મહેસૂલી તલાટીના Job Chartમાં સુધારા કરવા. અન્ય વિભાગોની બિનજરૂરી કામગીરીની સોંપણી દૂર કરવી બઢતી સમયે થતી બિનજરૂરી જીલ્લા ફેરબદલી અટકાવવી. કર્મચારીઓને તેમના મૂળ જીલ્લામાં નિમણૂક આપવી. જીલ્લા ફેરબદલી માટે સંપૂર્ણ પારદર્શક પ્રક્રિયા અમલમાં મૂકવી. મહેસૂલી કર્મચારીઓના લાંબા સમયથી અટવાયેલા સેવાકીય પ્રશ્નોનો ઉકેલ લાવવો. મહેસૂલી તલાટીઓનું મહેકમ વધારવું. ILR કચેરી ખાતે થતી હંગામી નિમણૂકો રદ કરવી. ગ્રામ્ય કક્ષાએ મહેસૂલી તલાટી માટે યોગ્ય કચેરીની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી ક્લાર્ક સંવર્ગમાં વર્તાતી કર્મચારીઓની અછત તાત્કાલિક દૂર કરવી દરેક સેજા માટે Multi-Tasking Helperની ફાળવણી કરવી. તલાટી–કમ–મંત્રી, મહેસૂલી તલાટી અને ગ્રામ સેવકની કામગીરીની સ્પષ્ટ સરહદો નક્કી કરવી. ઈ–ધરા, Digital Gujarat અને જનસેવા કેન્દ્રનો વધારાનો કાર્યભાર ઘટાડવો. OTP અને Bio-metric પ્રક્રિયાના કારણે વધતા અતિરિક્ત કાર્યભારમાંથી મુક્તિ આપવી.નિર્ધારિત કચેરી સમય બાદ કામગીરી કરવાનો આગ્રહ ન રાખવો. જાહેર રજાના દિવસોમાં ઓનલાઈન OTP કે Biometric આધારિત કામગીરી ન કરાવવી. તમામ કામગીરી 'Work to Rule' મુજબ જ હાથ ધરવી. સરકાર દ્વારા આ તમામ પડતર પ્રશ્નોનો સમયબદ્ધ નિકાલ કરવો. કાલોલ મામલતદાર કચેરીના તમામ મહેસૂલી કર્મચારીઓ, મહેસૂલી તલાટીઓ તેમજ નાયબ મામલતદારોએ એકજૂટ થઈને કાળી પટ્ટી બાંધી સવિનય વિરોધ નોંધાવ્યો હતો. કર્મચારીઓએ સ્પષ્ટ કર્યું હતું કે, જો તેમની વ્યાજબી માંગણીઓનો ટૂંક સમયમાં ઉકેલ નહીં આવે, તો આગામી સમયમાં વિરોધ પ્રદર્શન વધુ ઉગ્ર બનાવવામાં આવશે.

# 'મન કી બાત'ના ૧૩૭માં એપિસોડનું સામૂહિક શ્રવણઃ ભાજપના અગ્રણી આગેવાનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત.



કાલોલ,

કાલોલ તાલુકાના એરાલ ગામ ખાતે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ના લોકપ્રિય કાર્યક્રમ મન કી બાતના ૧૩૭મા એપિસોડનું સામૂહિક શ્રવણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટીના હોદ્દેદારો, કાર્યકર્તાઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.આ પ્રસંગે જીલ્લા પ્રભારી હર્ષદભાઈ વસાવા, જીલ્લા પંચાયત પ્રમુખ નીરજભાઈ પટેલ, જીલ્લા મહામંત્રી નરેન્દ્રસિંહ ગોહિલ, જીલ્લા ભાજપ કિસાન મોરચાના પ્રમુખ કિરણસિંહ સોલંકી,કાલોલ તાલુકા ભાજપ મંડળના પ્રમુખ મહિદીપસિંહ ગોહિલ, તાલુકા પંચાયત પ્રમુખ જયપાલસિંહ રાઠોડ, મંડળના બંને મહામંત્રીઓ વીરેન્દ્રસિંહ પરમાર તથા નરેન્દ્ર જાદવ સહિત જીલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. પ્રધાનમંત્રીના પ્રેરણાદાયી વિચારો અને રાષ્ટ્રહિતની વાતોને સૌએ ધ્યાનપૂર્વક સાંભળી હતી. મન કી બાતના માધ્યમથી મળેલા માર્ગદર્શનને આત્મસાત કરી સૌએ રાષ્ટ્રસેવા અને સમાજસેવાના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો નિર્ધાર કર્યો હતો.

## જાહેર નોટીસ

આથી અમો નીચે સહી કરનાર-મોહંમદફીરદોસ અબ્દુલહકીમ કોઠી, રહે. સલામત સોસાયટી, નદીપાર, ગોન્દ્રા, મુ.પો.તા. ગોધરા, જી. પંચમહાલ તે જાહેર જનતાજોગ આ જાહેર નોટીસથી જણાવીએ છીએ કે :-

(1) મોજે ચીખોદ્રા, તા. ગોધરા, જી. પંચમહાલના સર્વે નં. NA 350 + 351+352 વાળી 79623 ચો.મી. વાળી મીલ્કત/જગ્યા/જમીન અમોએ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં. 4321/2022 તા. 2/6/2022 નારોજ વેચાણ હકકે ખરીદ કરેલ છે, અને સદર મીલ્કત/જગ્યા અમારી સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની આવેલ છે.

(2) સદર જગ્યા મુળ ઈન્ડીયન ફાર્મા કેપ્સ એન્ડ કેમીકલ્સ પ્રા.લી.ની આવેલ અને સદર કંપનીએ સદર જગ્યા વેચાણ કરવા ભરતભાઈ કાળાભાઈ પટેલનાઓને કોઈ હકક અધિકાર, મુખત્યાર નિમેલ નહી હોવા છતાં, તેઓએ ત્રાહિત ઈસમોની તરફેણમાં ખોટા, હકક અધિકાર વિનાના દસ્તાવેજો નોંધાવેલ. જેની હકક પત્રકે ફેરફાર નોંધો દાખલ થયેલ તે રદ, નામંજુર થયેલ છે, અને તે ફેરફાર નોંધો બાબતે મે. મામલતદારશ્રી, ગોધરા રૂબરૂ વાંધા પણ ઉપસ્થિત કરવામાં આવેલ અને તકરારી કેસ નં. 1/2011 તથા તકરાર કેસ નં. 2/2011 થી ચાલેલ અને મે. મામલતદારશ્રી, ગોધરાનાઓએ બંને તકરારી કેસોના કામે ભરતભાઈ કાળાભાઈ પટેલને વાદગ્રસ્ત મિલ્કત વેચાણ કરવા કોઈ મુખત્યાર, અધિકાર આપેલા ના હોવાનું પ્રસ્થાપિત કરીનોંધો 'નામંજુર' કરેલ છે. જે સામે ભરતભાઈ કાળાભાઈ પટેલનાઓએ ગોધરાના મે. નાયબ કલેકટર સાહેબ રૂબરૂ આર.ટી.એસ. અપીલ નં. 193/2011 તથા આર.ટી.એસ. અપીલ નં. 194/2011 મે. મામલતદારશ્રીના તકરારી સાહેબની કોર્ટમાં પરચુરણ સીવીલ અપીલ નં. 27/2023 માં નિર્ણય કરેલ છે. જે વિરૂધ્ધની અપીલ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે.સી.એપ્લીકેશન નં. 9218/2024 થી દાખલ થયેલ. જે ગ્રાહ્ય રાખવામાં આવેલ નથી. તેમ છતાં ત્રાહિત પક્ષકારો ભરતભાઈ કાળાભાઈ પટેલના હકક અધિકાર વિનાના દસ્તાવેજોનો આધાર લઈ લોકોને ગેરમાર્ગે દોરી અનઅધિકૃત વ્યવહારો કરી રહેલ છે. જેથી આ જાહેર નોટીસ આપી તાકીદ કરવાની કે,

4. (1) સદર જગ્યામાં કોઈએ અમારી લેખીત પરવાનગી વગર ગુનાહિત અપપ્રવેશ કરવો નહી, તેમજ સદર જગ્યાના કોઈ ગીરો, વેચાણ, બક્ષીસ કે અન્ય હકકના તબદીલી દસ્તાવેજ, કરાર, વ્યવહાર કરવા નહી કે તે સંદર્ભની કોઈ નાણાંકીય લેવડ-દેવડ કરવી નહી.

4(2). સદર જગ્યામાં કોઈપણ સહકારી, ખાનગી કે રાષ્ટ્રીયકૃત બેન્ક, ફાઈનાન્સ કંપની, ધીરધાર પેઢી કે ખાનગી વ્યકિત કે કાનુની વ્યકિત કોઈએ ઉપરોકત જમીન ઉપર કોઈ ધીરધારના વ્યવહાર અમારી પરવાનગી વગર કરવા નહી.

4(3). સબ-રજીસ્ટ્રારશ્રીએ અમારી પરવાનગી વગર ઉપરોકત મીલ્કતના કોઈપણ પ્રકારના દસ્તાવેજોની નોંધણી કરવી નહી.

4(4). મધ્ય ગુજરાત વીજ કંપનીએ ઉપરોકત મીલ્કતમાં અમારી લેખીત પરવાનગી વગર કોઈ વીજ જોડાણ આપવા નહી.

4(5). સ્થાનક ચીખોદ્રા ગ્રામ પંચાયત કે નગરપાલીકાએ ઉપરોકત જમીનમાં અમારી પરવાનગી વગર કોઈને પણ બાંધકામ અંગેની પરવાનગીઓ ઈસ્યુ કરવી નહી, કે કોઈપણ મિલ્કતની આકારણી રજીસ્ટરે નોંધણી કરવી નહી.

4(5). રેવન્યુ કચેરી/સીટી સર્વે કચેરીએ ઉપરોકત મીલ્કતની કોઈપણ નોંધો અમારી સંમતી વગર હકક પત્રકમાં દાખલ કરવા કે પ્રમાણિત કરવા કોઈ તજવીજ કરવી નહી.

- પ્રોપર્ટી કાર્ડ વગર ખરાઈ કરીને અને દસ્તાવેજ કરવો કરાવવો - અમારી માલીકીના ખુલ્લા પ્લોટ છે એ પ્લોટના ખોટા દસ્તાવેજના આધારે ગેરકાયદેસર બાંધકામ કરવુ નહી જેને અમે દસ્તાવેજ કરી આપ્યો છે એ બાંધકામ કરી શકશે. - ખોટા દસ્તાવેજના આધારે બાંધકામ કરશો તો. કા. કાર્યવાહી કરવામાં આવશે. અમોએ જેને દસ્તાવેજ કરી આપ્યો છે તેને સ્પષ્ટ સુચના આપી જણાવીએ છે કે નગરપાલિકાની પરમીશન વગર બાંધકામ કરવુ નહી જો પરમીશન વગર બાંધકામ કરશો તો જવાબદારી જે તે દસ્તાવેજ લખી લેનારની રહેશે.

આવી સ્પષ્ટ હકીકત છતાં, જો કોઈ ઉપર મુજબની કાર્યવાહી થશે તો, અમો અમારી મિલ્કતના પડયંત્ર પુર્વક હકક પ્રસ્થાપિત કરવાના આશયથી ખોટા દસ્તાવેજ ઉપજાવી કાઢી ગુનાહિત કૃત્ય કરેલ છે, તેમ ગણી કાનુની પગલાં ભરીશું. જેની જવાબદારી જેતે ઈસમની રહેશે, જેની નોંધ લેવી.

કેસ નં. 1/2011 તથા તકરાર કેસ નં. 2/2011 થી નારાજ થઈ દાખલ કરેલ. જે અપીલના કામે પણ મે. નાયબ કલેકટર સાહેબનાઓએ ભરતભાઈ કાળાભાઈ પટેલને જમીન વેચાણ કરવા કોઈ હકક, અધિકાર, કુલમુખત્યારનામુ આપેલ ના હોઈ, તેમ છતાં વેચાણ કરેલ છે, તેમ ઠરાવી તેઓની અપીલ 'નામંજુર' કરેલ છે. અને મે. મામલતદારશ્રીના હુકમને 'યથાવત' રાખેલ છે. જે સામે ભરતભાઈ કાળાભાઈ પટેલનાઓએ મે. કલેકટર સાહેબ રૂબરૂ આર.ટી.એસ. અપીલ નં. 68/2013 તથા આર.ટી.એસ. અપીલ નં. 69/2013 થી દાખલ કરેલ. જે મે. કલેકટર સાહેબનાઓએ 'નામંજુર' કરેલ છે. અને તેમાં પણ મે. કલેકટર સાહેબનાઓએ ભરતભાઈ કાળાભાઈ પટેલને ઈન્ડીયન ફાર્મા કેપ્સ એન્ડ કેમીકલ્સ પ્રા.લી.ની જમીન વેચાણ કરવા કોઈ અધિકાર ના હોવાનું ઠરાવી ભરતભાઈ કાળાભાઈ પટેલની અપીલ 'નામંજુર' કરવા હુકમ કરેલ છે. આમ, ભરતભાઈ કાળાભાઈ પટેલે ખોટા વેચાણ દસ્તાવેજ નોંધાવેલ હોવાનું રેવન્યુ કોર્ટમાં પ્રસ્થાપિત થયેલ છે.

(3) વધુમાંભરતભાઈ કાળાભાઈ પટેલે આર.ટી.એસ. અપીલ નં. 68/2013 ના કામે મે. કલેકટર સાહેબે કરેલ હુકમથી નારાજ થઈ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશ્યલ સીવીલ એપ્લીકેશન નં. 6062/2015 તથા સ્પેશ્યલ સીવીલ એપ્લીકેસ નં. 5951/2015 ની દાખલ કરેલા અને તે સ્પેશ્યલ સીવીલ એપ્લીકેશનના કામે નામદાર ગુજરાત હાઈકોર્ટે તા. 24/4/2020 નારોજ ગુણદોષ આધારે નિર્ણય કરેલ છે અને ભરતભાઈ કાળાભાઈ પટેલને કંપનીની જમીન વેચાણ કરવા કોઈ હકક, અધિકાર ન હોવાનું અને ભરતભાઈ કાળાભાઈ પટેલ ધ્વારા કહેવાતા કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજો હકક અધિકાર વિનાના હોવાનું નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્પષ્ટ તારણ કાઢેલ છે.

(4) અમોએ સદર મીલ્કત રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. 4321/2022 થી વેચાણ રાખેલ છે અને જે અંગેની વેચાણની ફેરફાર નોંધ નં. 537 તા. 1/7/2022 નારોજ પ્રોપર્ટી કાર્ડમાં પડેલ છે. જે વિરૂધ્ધની સીટીએસ અપીલ નં. 34/2022 નામંજુર થયેલ છે અને ત્રાહિત પક્ષકારોએ સદર મીલ્કત બાબતે સ્પે.મુ.નં. 14/2022 નો દાખલ કરેલ. જે ડીસ્પોસ થઈ ગયેલ છે અને અમારી તરફેણમાં પંચમહાલના મે. ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજ

મુ. ગોધરા, તા. 29/8/2026 સહી :- (મોહંમદફીરદોસ અબ્દુલહકીમ કોઠી)

અમારી મારફતે, (અમિત રજનીકાંત દવે) એડવોકેટ

શ્રી સાંઈ કોમ્પલેક્ષ, લાલબાગ બસ સ્ટેન્ડ સામે, અંબિકા સીનેમા પાછળ, ઓવર બ્રીજ રોડ, મુ.પો.તા. ગોધરા, જી.પંચમહાલ.

# કાલોલ ખાતે RSS દ્વારા યુવા સંમેલન યોજાયું : રાષ્ટ્ર નિર્માણ અને સેવા સંકલ્પ અંગે યુવાનોએ કર્યો વિચાર-વિમર્શ



કાલોલ,

કાલોલ સ્થિત નવરચના ગુરૂકુળ સ્કુલ ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) કાલોલ નગર દ્વારા "યુવા શક્તિ – રાષ્ટ્ર શક્તિ"ના મૂળ સંકલ્પ સાથે એક વિશેષ યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. દેશના વિકાસ અને સેવા કાર્યોમાં યુવાનોની ભાગીદારી સુનિશ્ચિત કરવાના હેતુથી આ વિશિષ્ટ મંચ પૂરૂં પાડવામાં આવ્યું હતું.

આ યુવા સંમેલનમાં નગરના ભાઈઓ અને બહેનો સહિત આશરે ૬૦ જેટલા યુવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સંમેલન દરમિયાન ઉપસ્થિત યુવા શક્તિએ રાષ્ટ્ર નિર્માણ, સેવા સંકલ્પ, સંગઠન સશક્તિકરણ તેમજ શારીરિક ક્ષમતા જેવા મહત્વપૂર્ણ વિષયો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા અને સક્રિય સંવાદ સાધ્યો હતો.કાર્યક્રમમાં મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત વિભાગ અધિકારીએ યુવાનોને સંબોધતા વર્તમાન સમયના વૈચારિક યુદ્ધ, સમાજ કાર્ય અને રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોની ભૂમિકા અંગે વિશેષ માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. યુવાનો બોહળી સંખ્યામાં ઉપસ્થિત રહી રાષ્ટ્ર હિતના કાર્યોમાં જોડાવા સંકલ્પબદ્ધ થયા હતા.

# હાલોલ તાલુકાના પંખોડ ગામે જુગાર રમતા ૯ જુગારીયાઓને પોલીસે ઝડપ્યા

હાલોલ,

હાલોલ તાલુકાના પંખોડ ગામે ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો જાહેરમાં પાના–પત્તાનો જુગાર રમતા હોય તે સ્થળે પાવાગઢ પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ૯ જુગારીયાઓને અંગઝડતી અને દાવ ઉપર મુકેલ રૂા.૧૦,૧૨૦/–નો મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા.

હાલોલ તાલુકાના પંખોડ ગામે ડાંકટર ફળીયામાં રોડ સાઈડમાં કેટલાક ઈસમો પાના–પત્તાનો જુગાર રમતા હોય તે સ્થળે પાવાગઢ પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ગણપતભાઈ બળવંતભાઈ બારીયા, શૈલેષભાઈ રતનભાઈ ડામોર, તખતભાઈ ભારતભાઈ ડામોર, માવસીંગ રતનસિંગ, અલ્પેશભાઈ પ્રભાતભાઈ બારીયા, કરણભાઈ બળવંતભાઈ બારીયા, સંજય બળવંતભાઈ બારીયા, પરષોત્તમ સોમાભાઈ બારીયા, સામંતસિંહ કલ્યાણસિંહ બારીયાને ઝડપી પાડવામાં આવ્યાહ તા. ઝડપાયેલા જુગારીયાઓની અંગઝડતી અને દાવ પર મુકેલ રૂા.૧૦,૧૨૦/–નો મુદ્દામાલ જપ્ત કરી આ બાબતે પાવાગઢ પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

# શહેરામાં MGVCL ની મેગા ડ્રાઈવ : ૧૩૪ કનેક્શનમાં વીજ ચોરી પકડાતા ૩૭.૩૩ લાખનો દંડ ફટકાર્યો

**શહેરા તાલુકામાં વીજ કંપનીનું આક્રમક ચેકિંગ : ૨૫ થી વધુ ગામોમાં ૧૨૫૧ કનેક્શન તપાસાયા, ૩૭.૩૩ લાખનો દંડ ફટકારાતા ફફડાટ.**



શહેરા,

શહેરા નગર તેમજ તાલુકાના ૨૫ થી વધુ ગામોમાં વીજ ચોરીની ફરિયાદોને પગલે એમ.જી.વી.સી. એલ દ્વારા પોલીસ બંદોબસ્ત સાથે ઓચિંતું ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. વીજ કંપનીની ૩૯ જેટલી સંયુક્ત ટીમોએ ૧૨૫૧ વીજ જોડાણો તપાસ કરવામાં આવતા ૧૩૪ કનેક્શનમાં ગેરરીતિ અને વીજ ચોરી પકડાતા સંબંધિત ગ્રાહકોને કુલ રૂ.૩૭.૩૩ લાખનો દંડ ફટકારી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

શહેરા નગર તેમજ આસપાસના તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા લાંબા સમયથી મોટા પાયે ગેરકાયદેસર વીજ વપરાશ અને વ્યાપક વીજ ચોરી થતી હોવાની ફરિયાદો મળતા મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ એક્શન આવ્યું હતું. વીજ કંપનીના ઉચ્ચ અધિકારીઓના સીધા માર્ગદર્શન હેઠળ સોમવારની વહેલી સવારથી જ નગર વિસ્તારમાં તેમજ તાલુકાના વાડી, વલ્લભપુર, ઉંજડા, નાડા, નાંદરવા, ખોજલવાસા, બોરીયાવી,બોડીદ્રા, કવાલી, વાઘજીપુર સહિત ૨૫ થી વધુ ગામોમાં ગોધરા, લુણાવાડા, હાલોલ સહિતના વિસ્તારોની અલગ–અલગ ૩૯ જેટલી સંયુક્ત ટીમોએ ઓચિંતું ચેકિંગ હાથ ધરીને કુલ ૧૨૫૧ વીજ જોડાણોની ચકાસણી કરી હતી.આ તપાસ દરમિયાન મીટરો સાથે છેડછાડ, ડાયરેક્ટ લાઈન માંથી વીજ વપરાશ સહિતની અનેક ગંભીર ગેરરીતિઓ સામે આવી હતી. જેમાં ૧૩૪ જોડાણોમાંથી વીજ ચોરી અને ગેરરીતિ પકડાતા સંબંધિત ગ્રાહકોને કુલ રૂ.૩૭.૩૩ લાખનો દંડ ફટકારી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. મધ્ય ગુજરાતના જુદા જુદા જીલ્લાઓમાંથી આવેલી ટીમોએ ૨૫ થી વધુ ગામોમાં વીજ ચોરીને લઈને કરેલી કાર્યવાહીને લઈને વીજચોરી કરતા તત્વોમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

# સી.બી. ગર્લ્સ હાઈસ્કૂલ, કાલોલમાં વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃત ગીત અને સુભાષિતોની પ્રવૃતિઓનું આયોજન



કાલોલ,

સી. બી. ગર્લ્સ હાઈસ્કૂલ કાલોલમાં વિદ્યાર્થીનીઓમાં સંસ્કૃત ભાષા પ્રત્યે પ્રેમ અને રસ કેળવવાના હેતુથી શાળામાં સંસ્કૃત ગીતો અને સુભાષિતોની પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને સંસ્કૃત શ્લોકોના પઠનથી કરવામાં આવી. ત્યારબાદ વિદ્યાર્થીનીઓએ મધુર સ્વરે વિવિધ સંસ્કૃત શ્લોકો રજૂ કર્યા. આ દ્વારા વિદ્યાર્થીઓએ સંસ્કૃત ભાષાની સુંદરતા અને ભારતીય સંસ્કૃતિની ઝાંખી રજૂ કરી.આ પ્રવૃત્તિથી વિદ્યાર્થીનીઓમાં સંસ્કૃત શબ્દભંડોળ, ઉચ્ચારણ અને વક્તૃત્વ કૌશલ્યનો વિકાસ થયો. સાથે સાથે વિદ્યાર્થીનીઓમાં આત્મવિશ્વાસ અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની ભાવના પણ વધેલી જોવા મળી.

# મોરવા હડફમાં પ્રથમવાર કાવડ યાત્રામાં ધારાસભ્ય સહિત અનેક લોકો જોડાયા



મોરવા(હ),

મોરવા હડફમાં તાલુકા ગાયત્રી પરિવાર દ્વારા પ્રથમવાર કાવડ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યાત્રામાં મોરવા હડફના ધારાસભ્ય નિમિષાબેન સુથાર સહિત મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા.

માનવ કલ્યાણના પવિત્ર સંકલ્પ સાથે યોજાયેલી આ કાવડ યાત્રામાં જોડાયેલા ધારાસભ્ય નિમિષાબેન સુથાર અને અન્ય શ્રદ્ધાળુઓએ મોરેશ્વર મહાદેવ મંદિરે જલાભિષેક કર્યો હતો.

જલાભિષેક દરમિયાન સર્વના સુખ, શાંતિ, સમૃદ્ધિ અને કલ્યાણ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. ભોળાનાથ સૌના જીવનમાં સુખ–શાંતિ અને આરોગ્યનો પ્રકાશ પાથરે તેવી હૃદયપૂર્વક કામના કરાઈ હતી. આ કાવડ યાત્રામાં મોટી સંખ્યામાં ગામના લોકો અને શ્રદ્ધાળુઓ જોડાતા સમગ્ર વાતાવરણ ભક્તિમય બન્યું હતું.

# શહેરા તાલુકા વિકાસ અધિકારી પાર્થ પટેલનો ભવ્ય વિદાય સમારંભ યોજાયો

## ફતેપુરા ખાતે બદલી થતાં ભાવભીની વિદાય અપાઈ.




શહેરા,

શહેરા તાલુકા પંચાયતમાં નિષ્ઠાપૂર્વક સેવાઓ આપ્યા બાદ તાલુકા વિકાસ અધિકારી પાર્થ પટેલની દાહોદ જીલ્લાના ફતેપુરા ખાતે બદલી થતા તાલુકા પંચાયતના હોલ ખાતે તેમનો ભવ્ય વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે તાલુકા પંચાયત સ્ટાફ અને તલાટી મંત્રી મંડળ દ્વારા તેમના સફળ કાર્યકાળ અને સહયોગી સ્વભાવને બિરદાવી ભાવભરી વિદાય આપવામાં આવી હતી.

શહેરા તાલુકા વિકાસ અધિકારી પાર્થ પટેલની દાહોદ જીલ્લાના ફતેપુરા ખાતે બદલી થતાં તાલુકા પંચાયત પરિવાર અને તલાટી કમ મંત્રી મંડળ દ્વારા એક ભવ્ય તથા ભાવુક વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. તાલુકા પંચાયત હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ઉપસ્થિત કર્મચારીઓ અને જનપ્રતિનિધિઓએ પાર્થ પટેલની અત્યાર સુધીની ઉત્કૃષ્ટ સેવાઓ અને સહયોગપૂર્ણ સ્વભાવને બિરદાવ્યો હતો.વિદાય સમારંભ દરમિયાન તાલુકા પંચાયતના વિવિધ શાખાના કર્મચારીઓ, તલાટી કમ મંત્રી મંડળ તેમજ વિવિધ ગ્રામ પંચાયતના સરપંચો દ્વારા તાલુકા વિકાસ અધિકારી પાર્થ પટેલને ફૂલોનુ બુકે, ફળ અને યાદગીરીરૂપે મોમેન્ટો આપીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત વકતાઓએ તેમના કાર્યકાળ દરમિયાન હાથ ધરાયેલા વિકાસકામો અને તમામ સ્ટાફ પ્રત્યેના તેમના સકારાત્મક અભિગમને યાદ કરીને તેમના ભાવિ કારકિર્દી માટે શુભકામનાઓ પાઠવી હતી.જ્યારે તાલુકા વિકાસ અધિકારી પાર્થ પટેલે પણ પોતાના દિલના ભાવ વ્યક્ત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, "શહેરા તાલુકામાં મારી સેવાઓ દરમિયાન મને પંચાયતના તમામ કર્મચારીઓ, તલાટી મિત્રો, તાલુકાના સરપંચો અને જનપ્રતિનિધિઓ તરફથી જે અભૂતપૂર્વ સહકાર મળ્યો છે, તે હું ક્યારેય ભૂલી શકીશ નહીં. કોઈપણ અધિકારી એકલો કંઈ કરી શકતો નથી; સમગ્ર ટીમનો સાથ હોય તો જ તાલુકાનો વિકાસ શક્ય બને છે. શહેરાના લોકોનો પ્રેમ અને સહકાર મારી આગામી સફર માટે મોટી મૂડી બની રહેશે." તેમણે પોતાની નવી નિમણૂક સ્થળ ફતેપુરા જીલ્લો દાહોદ ખાતે પણ આવી જ નિષ્ઠાથી કામ કરવાની કટિબદ્ધતા દર્શાવી હતી.આ પ્રસંગે તાલુકા પંચાયતનો સમગ્ર સ્ટાફ, સરપંચો, ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીઓ તેમજ સ્થાનિક અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.શહેરાના નવા તાલુકા વિકાસ અધિકારી તરીકે જય શુક્લની નિમણૂક કરવામાં આવી છે. તેઓ આગામી દિવસોમાં વિધિવત રીતે તાલુકા વિકાસ અધિકારી તરીકેનો પદભાર અને ચાર્જ સંભાળશે.

# સાંસદ રાજપાલસિંહ જાદવે મલાવ આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી : આરોગ્ય સેવાઓની વિસ્તૃત સમીક્ષા કરી;જરૂરી સૂચનો આપ્યા



ગોધરા,

પંચમહાલના સાંસદ રાજપાલસિંહ જાદવે કાલોલ તાલુકાના મલાવ ગામે આવેલા સામુહિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી. તેમણે કેન્દ્ર ખાતે ઉપલબ્ધ આરોગ્ય સેવાઓ અને દર્દીઓને અપાતી સારવારની વિસ્તૃત સમીક્ષા કરી હતી.

આ મુલાકાત દરમિયાન, સાંસદે દર્દીઓને મળતી સારવાર, આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ સુવિધાઓ અને જરૂરી સાધનોની ઉપલબ્ધતા અંગે ગામના આગેવાનો સાથે ચર્ચા કરી હતી.

સાંસદ જાદવે આરોગ્ય કેન્દ્રના તબીબો અને કર્મચારીઓ સાથે પણ મુલાકાત કરી હતી. તેમણે તેમની કામગીરી અને જરૂરી સુવિધાઓ અંગે માહિતી મેળવી હતી.

મલાવ સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકોને વધુ સારી અને સુદ્રઢ આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા. આરોગ્ય કેન્દ્રની કામગીરીને વધુ અસરકારક બનાવવા અંગે પણ વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.